RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year-16, Issue-261 ■ DATE : 18-02-2026 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

**સુવિચાર**

જો બીજાએ તમને ઈજા કરી હોય તો એ ભૂલી જજો, પણ તમે જો કોઈને ઈજા કરી હોય તો એ કદી ભૂલતા નહીં...



પૂર્વ કચ્છ પોલીસે ૧૮૨ કરોડના ઓનલાઈન ઠગાઈ કૌભાંડમાં ૪ને ઝડપ્યા

P-4

# ગુજરાતનું રૂ.૪,૦૮,૦૫૩ કરોડનું વિક્રમી બજેટ રજૂ કરતા નાણામંત્રી

**બજેટમાં ઉત્તમ, વિકાસ, સર્વોત્તમ કૃષિ, શિક્ષણ અને આરોગ્યને અગ્રતાઃ કનુભાઇ દેસાઇએ આજે ચોથી વખત બજેટ રજુ કર્યુ હતુંઃ સૌથી વધુ ૧૮ વખત બજેટ રજુ કરવાનો વજુભાઇ વાળાનો વિક્રમ યથાવત**




**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

નાણામંત્રી કનુ દેસાઈએ ગુજરાત વિધાનસભાના બજેટ સત્રના ત્રીજા દિવસે રાજ્યનું ભાવિ નક્કી કરતું નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭નું બજેટ રજૂ કર્યું. નાણામંત્રી કનુ દેસાઈ સતત પાંચમી વખત બજેટ રજૂ કરીને એક નવો વિક્રમ સ્થાપિત કર્યો છે. જેમાં ખાસ કરીને આવાસ યોજના, આંગણવાડી કેન્દ્રો તથા ૫ નવી GIDC બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાતનું ૪,૦૮,૦૫૩ કરોડનું વિક્રમી બજેટ જાહેર કરવામાં આવ્યું છે.

GYANના ચાર આધાર સ્તંભો પૈકી એક સ્તંભ એવી નારીશક્તિની ભૂમિકા વિકસિત ગુજરાતના નિર્માણમાં અગત્યની છે. મહિલા સશક્તિકરણને આર્થિક સ્વાવલંબન સાથે જોડવાના દૃઢ સંકલ્પ સાથે રાજ્ય સરકાર દ્વારા લખપતિ દીદી અભિયાનને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ગ્રામ્ય અને શહેરી બંને વિસ્તારોમાં મહિલાઓ દ્વારા સંચાલિત સ્વ-રોજગાર પ્રવૃત્તિઓને વિસ્તૃત કરવા, નવા વ્યવસાય શરૂ કરવા અને હાલના વ્યવસાયોને સ્કેલ-અપ કરવા ૪૭ કરોડની જોગવાઇ., સખી મંડળ સ્વ-સહાય જૂથો આજે મહિલા સશક્તિકરણનો સૌથી મજબૂત આધાર બન્યા છે. સ્વ-સહાય જૂથના વ્યવસાયને વિસ્તારવા અને સ્કેલ-અપ કરવા બેંક લોન પર વ્યાજ સહાય અને પ્રોત્સાહક સહાય આપવા ૪૫ કરોડની જોગવાઇ કરું છું.

૩ થી ૬ વર્ષનાં બાળકોને આંગણવાડીમાં ગરમ નાસ્તો અને ભોજન તેમજ બાળકો, કિશોરીઓ અને સગર્ભા ધાત્રી માતાઓને ટેક હોમ રાશન પૂરું પાડવા પૂરક પોષણ યોજના અંતર્ગત ૯૭૨ કરોડની જોગવાઇ.

નમો લક્ષ્મી યોજનાના અસરકારક અમલીકરણથી ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓના શાળા પ્રવેશમાં છેલ્લા બે વર્ષમાં નોંધપાત્ર વધારો થયેલ છે. જેના માટે ૧૨૫૦ કરોડની જોગવાઇ.

મહિલા પ્રતિનિધિત્વને પ્રોત્સાહિત કરવા રાજ્યની ITIમાં અભ્યાસ કરતી તમામ દિકરીઓ માટે નવી ''નમો કૌશલ્ય લક્ષ્મી યોજના'' જાહેર કરું છું. જેના માટે ૪૦ કરોડની જોગવાઇ.

વિધવા બહેનોને આર્થિક રીતે મદદરૂપ થવા માટે DBT માધ્યમથી માસિક સહાય મળી રહે તે માટે ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અમલી છે. જેના માટે ૨૮૪૮ કરોડની જોગવાઇ.

વિકસિત ગુજરાત ફંડ માટે ૧૦ હજાર કરોડની જોગવાઈ : ૫૦ હજાર કરોડના વિકસિત ગુજરાત ફંડ મારફતે વિકાસ કાર્યોને ગતિ આપવાનો સરકારનો દ્રઢ સંકલ્પ છે. જેના ભાગરૂપે આ વર્ષે વિકસિત ગુજરાત ફંડમાં ૧૦ હજાર કરોડની જોગવાઇ. વિકસિત ગુજરાત ફંડ હેઠળ રાજ્યના વિકાસ માટે લાંબાગાળાના અને મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે.

રાજ્યના મહત્વના સ્થળોને જોડતા નમો શક્તિ એક્સપ્રેસ વે તેમજ સોમનાથ દ્વારકા એક્સપ્રેસ વે પ્રોજેક્ટ માટે વધુ ૩૦૦૦ કરોડની જોગવાઇ કરું છું. આ પ્રોજેક્ટ સંસ્કૃતિ અને પ્રવાસનનો સંગમ ધરાવતો હાઇવે બની રહેશે.

દરિયામાં વહી જતાં નર્મદાના પાણીને ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના સુકા પ્રદેશમાં વાળવા સુજલામ સુફલામ પાઇપ લાઇન યોજના માટે ૧૨૩૭ કરોડ, સૌની યોજના માટે ૪૭૩ કરોડ તથા કચ્છની યોજના માટે ૧૩૩૩ કરોડ એમ કુલ ૩૦૪૩ કરોડની જોગવાઇ.

અમદાવાદ જિલ્લાના નળકાંઠા વિસ્તારના છેવાડાના ગામોને પાઇપલાઇન અને કેનાલ મારફતે સિંચાઇ સુવિધા પૂરી પાડવાનું પ્રથમ તબક્કાનું કામ પૂર્ણ થયેલ છે અને બીજા તબક્કાનું કામ શરૂ કરવામાં આવેલ છે. જેના માટે ૯૫૮ કરોડની જોગવાઇ.

રાજ્યના મત્સ્ય અને પશુપાલન ક્ષેત્રને આવક, રોજગાર અને પોષણનો મજબૂત આધાર બનાવવા સરકાર પ્રતિબદ્ધ છે. રાજ્યની હાલની મત્સ્ય પેદાશનું ઉત્પાદન અને નિકાસ વધારવાના લક્ષ્ય માટે માળખાકીય સુવિધા, સાધન સહાય અને સ્ટોરેજ માટે ૧૩૪૦ કરોડની જોગવાઇ.

પશુઓના સંવર્ધન, સંરક્ષણ, રોગ નિદાન અને તેને લગતી માળખાકીય સુવિધાઓમાં સહાય આપી દેશના દૂધ ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો ૧૦%થી વધુ લઇ જવાશે. રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલ ગૌ માતા પોષણ યોજના ગાયોના સંરક્ષણ, ગૌસંવર્ધન તથા ગૌકલ્યાણ પ્રત્યે રાજ્યની પ્રતિ-બદ્ધતાનું સ્પષ્ટ પ્રતિબિંબ છે. જેના માટે ૫૦૦ કરોડની જોગવાઇ.

ખેડૂતો, પશુપાલકો અને સાગરખેડૂઓ પોતાની પ્રવૃત્તિઓ સમયસર કરી શકે તે માટે કિસાન ક્રેડિટ કાર્ડ અંતર્ગત વ્યાજ સહાય આપવા ૧૫૩૯ કરોડની જોગવાઇ કરું છું.

સહકારી મંડળીઓને બહુહેતુક કાર્ય કરવા સક્ષમ બનાવવામાં આવશે. જેમાં અનાજ સંગ્રહથી લઇને રાજ્યના ૪ ઝોનમાં બાયો સીએનજી પ્લાન્ટની સ્થાપના કરવામાં આવશે. જેનાથી પશુપાલકોને પૂરક આવક તેમજ વાહનો માટે ગ્રીન ફ્યુઅલ ઉપલબ્ધ થશે. જેના માટે ૧૧૨ કરોડની જોગવાઇ.

ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસને આગળ વધારતાં આગામી સમયમાં ૨૫ જી.આઇ.ડી.સી.ને આધુનિક ટેકનોલોજીથી સ્માર્ટ બનાવવામાં આવશે. જેમાં ૧૨૫૦ કરોડના રોકાણથી પાણી, વીજળી, ગેસ અને ડિજિટલ નેટવર્કનું સુદ્રઢીકરણ કરવામાં આવશે. આ ઉપરાંત ૫૦ કરોડના રોકાણથી ૧૨૦ મીની GIDCના નવીનીકરણનું આયોજન છે.

રાજ્યના ટેક્સટાઇલ ઉદ્યોગોને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા માટે ''ગુજરાત ટેક્સટાઇલ પોલિસી'' અંતર્ગત ૬૭ હજાર કરોડથી વધુનું મૂડીરોકાણ થયેલ છે. જેને લીધે બે લાખથી વધારે પ્રત્યક્ષ રોજગારી સર્જાયેલ છે. આવનાર સમયમાં આ ક્ષેત્રમાં વધારે મૂડીરોકાણ અપેક્ષિત છે અને તેથી મોટા પાયે પ્રત્યક્ષ રોજગારીનું સર્જન થશે. આ માટે ૨૭૫૫ કરોડની ફાળવણી.

## ગાંધીનગરમાં ૧૦૦ કરોડની દેશની સૌથી મોટી નમો સેન્ટ્રલ લાઇબ્રેરી બનશે

ગાંધીનગર ખાતે દેશની સૌથી મોટી અને અત્યાધુનિક નમો સેન્ટ્રલ લાઇબ્રેરી સ્થાપવામાં આવશે. જેમાં અભ્યાસ અને વાંચનની સુવિધાઓ ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ કરાવવામાં આવશે. જેના માટે આ બજેટમાં ૧૦૦ કરોડની જોગવાઇ સૂચવું છું. તેમજ આદિજાતિ વિસ્તારના તમામ તાલુકામાં ભગવાન બિરસા મુંડા લાઇબ્રેરી ઊભી કરવાના આયોજનના ભાગરૂપે આ વર્ષે ૧૫ તાલુકાઓમાં લાઇબ્રેરી સ્થાપવાની જાહેરાત કરું છું.

## ૬ ક્ષેત્ર માટે ઈકોનોમિક માસ્ટર પ્લાન તૈયાર

રાજ્યમાં સર્વાંગી અને સંતુલિત વિકાસ માટે દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, સૌરાષ્ટ્રના દરિયાકાંઠાનો વિસ્તાર અને કચ્છ એમ ૬ ક્ષેત્ર માટે ઈકોનોમિક માસ્ટર પ્લાન તૈયાર કર્યાં છે. જે અંતર્ગત દરેક ક્ષેત્રની જરૂરિયાત મુજબ પ્રોજેક્ટ તૈયાર કરેલ છે. જેનાથી આર્થિક પ્રવૃત્તિઓ, રોજગાર સર્જન અને મૂડી રોકાણને પ્રોત્સાહન મળશે. જેના માટે ૨૦૦૦ કરોડની જોગવાઇ કરું છું.

## ખેડૂતો માટે ૧૫૬૫ કરોડની ફાળવણી

- ખેડૂતોને ખેતીક્ષેત્રે થતો ખર્ચ ઘટાડવા તેમજ પાક ઉત્પાદન અને આવક વધારવા યાંત્રિકીકરણનું મહત્વ છે. ટ્રેક્ટર, પાવરટીલર, સીડડ્રીલ, હાર્વેસ્ટર જેવા યંત્રો દ્વારા ખેતીકામમાં ઝડપ અને ચોકસાઇ આવે છે. નાના-સીમાંત સહિતના ખેડૂતો માટે કૃષિ યાંત્રિકીકરણના વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય આપવા ૧૫૬૫ કરોડની જોગવાઇ.
- વધુમાં વધુ ખેડૂતો પાકૃતિક ખેતી અપનાવે તે માટે સરકાર પ્રતિબદ્ધ છે. જેનો વ્યાપ વધારી પ્રોત્સાહન આપવા સેન્ટર ઓફ એક્સલન્સ ઊભા કરવા, બજાર સુવિધા ઉપલબ્ધ કરાવવા, માર્કેટિંગ અને બ્રાન્ડ પ્રમોશન તથા હેન્ડ હોલ્ડિંગ અને સર્ટીફિકેશન સહાય માટે ૩૯ કરોડની જોગવાઇ.
- રાજ્યમાં ડાંગર, કઠોળ, તેલીબિયાં, ફાર્મ મિકેનાઇઝેશન, વેલ્યુ એડીશન અને એગ્રો પ્રોસેસિંગ માટે ૬ સેન્ટર ઓફ એક્સલન્સ કેન્દ્ર ઊભા કરવાનું આયોજન છે. જેના માટે ૧૨ કરોડની જોગવાઇ.

## પાંચ નવી GIDC બનશે

રાજ્યના આદિવાસી વિસ્તારોમાં ઔદ્યોગિકીકરણને પ્રોત્સાહન આપવા તેમજ રોજગારીની તકો મળી રહે તે માટે દાહોદ જિલ્લાના ઝાલોદ અને ગરબાડા તાલુકામાં બે તથા અરવલ્લી જિલ્લા સહિતના અન્ય જિલ્લાઓમાં ત્રણ એમ પાંચ નવી ઔદ્યોગિક વસાહતો સ્થાપવામાં આવશે.

## ધોલેરા માટે મહત્ત્વની જાહેરાતો

ધોલેરા અને સાણંદ ખાતે વિકસતા સેમીકોન હબ ગુજરાતને Chip ઉત્પાદન ક્ષેત્રે વિશ્વના નકશામાં મહત્ત્વનું સ્થાન પ્રદાન કરી રહ્યાં છે. જે ભારતની સેમીકોન આત્મનિર્ભરતાનો મુખ્ય આધારસ્તંભ બનશે. ધોલેરા ખાતે ફેઝ-૧ હેઠળ લોજિસ્ટિક એન્ડ ટ્રંક ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. જેમાં, ધોલેરા એરપોર્ટ, આધુનિક માર્ગો, પાણી અને વેસ્ટવોટર ટ્રીટમેન્ટ, અંડરગ્રાઉન્ડ વીજ વિતરણ તથા સ્માર્ટ ICT સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. જેનાથી ધોલેરા ભવિષ્યના ઉદ્યોગ, નવીનતા અને રોજગારનું વૈશ્વિક કેન્દ્ર બનશે. જેના માટે વિકસિત ગુજરાત ફંડ સહિત કુલ ૬૧૦ કરોડની જોગવાઇ.

## હસ્તકલા માટે મોટો નિર્ણય

રાજ્ય સરકાર આત્મનિર્ભર ભારતના સંકલ્પ સાથે ''વોકલ ફોર લોકલ''ની પહેલ હેઠળ તમામ જિલ્લાઓનાં ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોના સંતુલિત પ્રાદેશિક વિકાસને પ્રોત્સાહન આપી રહી છે. ભારત સરકાર દ્વારા રાજ્યના હાથશાળ-હસ્તકલાના અને ગ્રામોદ્યોગના ૯૦ જેટલા ઉત્પાદનોને ''એક જિલ્લો, એક ઉત્પાદન'' અંતર્ગત પસંદ કરવામાં આવ્યાં છે. આ ચીજવસ્તુઓ તૈયાર કરનાર કારીગરોને તેના વેચાણ માટે સ્વદેશી હાટ અને ઇ-કોમર્સ પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવશે.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૭૪/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૪૨/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |




| | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૫૪,૨૫૦ | ₹૨,૫૫,૦૦૦ |
| | ૦ | -૫,૦૦૦ |
| Today Rate | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૦.૬૭ | ₹૧૨૨.૮૮ |

## આગામી ચૂંટણીમાં ભાજપ એઆઇનો ઉપયોગ કરશે

ગાંધીનગરના 'કમલમ' ખાતે આજે ભાજપે પોતાની ભાવિ રણનીતિના પાના ખોલ્યા છે. જગદીશ વિશ્વકર્મા અને રાષ્ટ્રીય નેતાઓની હાજરીમાં લાખો કાર્યકર્તાઓને ટેકનોલોજી અને થી સજ્જ કરવાનો નિર્ણય લેવાયો છે. જ્યારે બીજી તરફ, કોંગ્રેસમાં ચાલી રહેલા નેતૃત્વના વિવાદને લઈને ભાજપ પ્રવક્તાએ જે ધારદાર પ્રહાર કર્યા છે, તેણે રાજકીય ગરમાવો વધારી દીધો છે. ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં આજે 'કમલમ' ખાતે પ્રદેશ કાર્યશાળા યોજાઈ હતી. આ કાર્યશાળામાં ભાજપના રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી શિવપ્રકાશજી અને પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ બેઠકમાં આગામી સમયમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ વર્ગના માધ્યમથી સંગઠનને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટેની રણનીતિ ઘડવામાં આવી હતી.

# મહિલાને ખોટા ઈરાદાથી પકડવું તે રેપનો પ્રયાસ જ ગણાયઃ સુપ્રીમ

**મુખ્ય સમાચાર, નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટે યોન સંબંધિત ગુનાઓના મામલામાં એક ઐતિહાસિક અને દાખલોબંધક નિર્ણય આપ્યો છે અને સ્પષ્ટ કર્યું છે કે કોઈ મહિલાને ખોટા ઇરાદાથી પકડવું અને તેની સલવારનો નાડો ખોલવો માત્ર 'છેડછાડ' અથવા રેપની તૈયારી નહીં, પરંતુ સીધી રીતે 'રેપનો પ્રયાસ' ગણવાય છે.



અદાલતે કહ્યું છે કે આવી હરકતોને ઓછી કડક ગુનાઓ તરીકે મંજૂર કરવી ન્યાયના ભાવના વિરૂધ્ધ છે. આથી સુપ્રીમ કોર્ટે ઇલાહાબાદ હાઇ કોર્ટના માર્ચ ૨૦૨૫ માં આપવામાં આવેલા નિર્ણયને રદ કરી દીધા છે, જેમાં હાઇ કોર્ટે તેને માત્ર મહિલાની લજ્જા ભંગ કરવાનો મામલો માન્યો હતો.

હાઇ કોર્ટના વિવાદાસ્પદ ચુકાદા બાદ આ મામલે વ્યાપક ચર્ચા ઊભી થઈ હતી. એનજીઓ 'વી દ વુમન'ની સ્થાપક અને વરિષ્ઠ વકીલ શોભા ગુપ્તા દ્વારા લખાયેલા પત્રને આધારે સુપ્રીમ કોર્ટે આ મુદ્દે સ્વપ્રેરિત નોંધ લીધી હતી.

આ મામલે સુપ્રીમ કોર્ટની વિશેષ બેન્ચ, જેમાં ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમલ્યા બાગચી અને જસ્ટિસ એન.વી. અંજારિયાનો સમાવેશ થતો હતો, દ્વારા વિગતવાર સુનાવણી હાથ ધરવામાં આવી. અદાલતે હાઇ કોર્ટનો નિર્ણય સંપૂર્ણપણે ખારિજ કરીને અધિનિયમ હેઠળ 'રેપના પ્રયાસ'ના મૂળ અને ગંભીર આરોપોને ફરીથી બહાલ કર્યા.

ચીફ જસ્ટિસે પોતાના ચુકાદામાં નોંધ્યું કે યૌન ગુનાઓ જેવા સંવેદનશીલ કેસોમાં ન્યાયાધીશોએ વિશેષ સંવેદનશીલતા દાખવવી જરૂરી છે. પીડિતાની પરિસ્થિતિ, માનસિક આઘાત અને ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખ્યા વિના માત્ર ટેકનિકલ દ્રષ્ટિકોણ અપનાવવો યોગ્ય નથી.

અદાલતે કહ્યું કે કોઈ પણ ન્યાયાધીશ ત્યારે જ પૂર્ણ ન્યાય આપી શકે, જ્યારે તે મામલાના તમામ તથ્યોને માનવીય અને કણાભર્યા અભિગમથી સમજે. આ પ્રકારના ગુનાઓને હળવા રીતે લેવાની વૃત્તિ કાયદાના ઉદ્દેશને નુકસાન પહોંચાડે છે.

સુપ્રીમ કોર્ટે માત્ર હાઇ કોર્ટનો ચુકાદો રદ કર્યો નથી, પરંતુ ભવિષ્યમાં આવા કેસોમાં સંવેદનશીલ અભિગમ સુનિશ્ચિત થાય તે માટે પગલાં પણ સૂચવ્યા છે. અદાલતે નેશનલ જ્યુડિશિયલ એકેડમીના નિર્દેશક અને પૂર્વ જસ્ટિસ અનિરૂધ્ધ બોસને નિષ્ણાત સમિતિ રચવાનો આદેશ આપ્યો છે.

આ સમિતિ યૌન સંબંધિત ગુનાઓ અને અન્ય સંવેદનશીલ કેસોની સુનાવણી કરતી વખતે ન્યાયાધીશો માટે માર્ગદર્શિકા તૈયાર કરશે, જેથી પીડિતાની માન-મર્યાદા અને ન્યાયની ભાવના જળવાઈ રહે. અદાલતે ખાસ સૂચન કર્યું છે કે માર્ગદર્શિકા સરળ અને સ્પષ્ટ ભાષામાં તૈયાર કરવામાં આવે.

# લાખો કર્મચારીઓ માટે આનંદના સમાચારઃ માર્ચ માસમાં જ સરકાર DAમાં વધારો કરે તેવી સંભાવના



**મુખ્ય સમાચાર, મુંબઇ**

કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનધારકો માટે આ વર્ષની હોળી આર્થિક લાભ લઈને આવી શકે છે. એવા મજબૂત સંકેતો મળી રહ્યા છે કે સરકાર હોળી પૂર્વે જ મોંઘવારી ભથ્થામાં વધારો કરવાની જાહેરાત કરી શકે છે. જો આ નિર્ણય લેવાશે, તો લાખો લોકોના પગાર અને પેન્શનની રકમમાં નોંધપાત્ર વૃદ્ધિ થશે. સામાન્ય રીતે સરકાર માર્ચ મહિનામાં જ વર્ષના પ્રથમ છ માસિક ગાળાના ની જાહેરાત કરતી હોય છે, જેના કારણે હાલ સૌની નજર કેન્દ્રના આ આગામી પગલા પર છે.

સરકારી નિયમો મુજબ, મોંઘવારી ભથ્થામાં વર્ષમાં બે વખત ફેરફાર કરવામાં આવે છે. પ્રથમ વધારો જાન્યુઆરીથી જૂન સુધીના સમયગાળા માટે હોય છે, જેની જાહેરાત માર્ચમાં કરવામાં આવે છે. જ્યારે બીજો વધારો જુલાઈથી ડિસેમ્બર માટે હોય છે, જેની જાહેરાત દશેરા કે દિવાળીની આસપાસ થાય છે. ગયા વર્ષે સરકારે DAમાં ૩%નો વધારો કર્યો હતો, જેનાથી કુલ મોંઘવારી ભથ્થું ૫૮% પર પહોંચ્યું હતું. આ વખતે પણ કર્મચારીઓને ૨%થી ૩%ના વધારાની આશા છે, જે DAને ૬૦%ના આંકડા સુધી પહોંચાડી શકે છે.

# આસામ, પ.બંગાળ, કેરળ, તમિલનાડુ, પોંડીચેરીમાં એપ્રિલમાં ચૂંટણી યોજાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશના ચાર રાજ્યો અને એક કેન્દ્ર શાસિત પ્રદેશમાં આગામી એપ્રિલ માસમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાશે. પમિ બંગાળ, આસામ, તમિળનાડુ તથા કેરળ ઉપરાંત કેન્દ્ર શાસિત પ્રદેશ પુડુચેરીમાં યોજાનારી આ ચૂંટણીઓ માટે માર્ચ મહિનાના મધ્યભાગમાં કાર્યક્રમ જાહેર કરાશે તેમ સત્તાવાર સૂત્રોએ માહિતી આપતાં જણાવ્યું હતું.

આ પાંચેય વિધાનસભાનો કાર્યકાળ મે અને જૂનમાં અલગ-અલગ તારીખે પૂરો થાય છે. પુડચેરીમાં પાંચ વર્ષનો કાર્યકાળ ૧૫ જૂનના રોજ પૂરો થાય છે, જ્યારે આસામ, કેરળ, તમિળનાડુ તથા પમિ બંગાળની વિધાનસભાનો કાર્યકાળ અનુક્રમે, ૨૦, ૨૩, ૧૦ અને ૭મી મેના રોજ પૂર્ણ થાય છે. ચૂંટણી પંચના અધિકારીઓએ ચૂંટણીને લગતી તૈયારીઓ માટે આ રાજ્યોનો પ્રવાસ શરૂ કરી દીધો છે. ગઈ વખતે પમિ બંગાળ વિધાનસભાની ચૂંટણી આઠ તબક્કામાં યોજાઈ હતી, જે અત્યાર સુધીમાં સૌથી વધુ તબક્કામાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી હતી. જ્યારે આસામમાં બે તબક્કામાં તથા તમિળનાડુ, કેરળ અને પુડુચેરીમાં એક-એક તબક્કામાં ચૂંટણી યોજાઈ હતી.

હાલમાં દેશના વિવિધ રાજ્યોમાં ચાલી રહેલી વિશેષ મતદાર સુધારણા યાદીની કવાયત અંતર્ગત, પુડુચેરીએ ૧૪ ફેબ્રુઆરીના રોજ સૌપ્રથમ અંતિમ મતદાર યાદી જારી કરી હતી. કેરળમાં અંતિમ મતદાર યાદી ૨૧મી ફેબ્રુઆરીએ જ્યારે પમિ બંગાળની અંતિમ યાદી ૨૮ ફેબ્રુઆરીના રોજ જારી કરાશે. આસામની યાદી ૧૦ ફેબ્રુઆરીના રોજ પ્રસિદ્ધ કરાઈ હતી. હાલમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સહિતની ચૂંટણી પંચની મુખ્ય અધિકારીઓની ટીમ ચૂંટણીની તૈયારીઓનું નિરીક્ષણ કરવા આસામ પહોંચી છે

# ૧૦ રાજયોમાં ખાલી થતી રાજયસભાની ૩૭ બેઠકો માટે ૧૬ માર્ચે ચૂંટણી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ચૂંટણી પંચે ૧૦ રાજ્યોમાં રાજ્યસભાની ૩૭ ખાલી બેઠકો માટે ચૂંટણીની જાહેરાત કરી છે. પંચે જણાવ્યું છે કે ચૂંટણી ૧૬ માર્ચે યોજાશે.પંચે જણાવ્યું છે કે મહારાષ્ટ્ર, ઓડિશા, તેલંગાણા, તમિલનાડુ, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ, આસામ, હરિયાણા, હિમાચલ પ્રદેશ અને બિહારની બેઠકો માટે ચૂંટણી યોજાશે.

આ બેઠકો એપ્રિલમાં અલગ અલગ તારીખે સમાપ્ત થાય છે. નોંધનીય છે કે રાજ્યસભાનો કાર્યકાળ છ વર્ષનો હોય છે, પરંતુ એક તૃતીયાંશ બેઠકો માટે દર બે વર્ષે ચૂંટણીઓ યોજાય છે. આ જ કારણ છે કે રાજ્યસભાને કાયમી ગૃહ કહેવામાં આવે છે. તેનું કારણ એ છે કે, લોકસભાથી વિપરીત, રાજ્યસભા ક્યારેય વિસર્જન થતી નથી.

રાજ્યસભાની ચૂંટણી માટે જાહેરનામું ૨૬ ફેબ્રુઆરીએ બહાર પાડવામાં આવશે. ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ ૫ માર્ચ છે અને ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ ૯ માર્ચ છે. ચૂંટણી ૧૬ તારીખે યોજાશે. તે દિવસે સાંજે ૫ વાગ્યે મતગણતરી શરૂ થશે.

રાજ્યસભાની ચૂંટણીઓ લોકસભાની ચૂંટણીઓ કરતા ઘણી અલગ હોય છે. જનતા સીધી મતદાન કરતી નથી. રાજ્યસભાના સભ્યો રાજ્ય વિધાનસભાના ધારાસભ્યો દ્વારા ચૂંટાય છે. આ એક પરોક્ષ ચૂંટણી છે. રાજ્યસભામાં કુલ ૨૪૫ સભ્યો છે, જેમાંથી ૨૩૩ રાજ્યો અને કેટલાક કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ચૂંટાય છે, અને ૧૨ રાષ્ટ્રપતિ દ્વારા નામાંકિત થાય છે. દરેક સભ્યનો કાર્યકાળ છ વર્ષનો હોય છે અને દર બે વર્ષે લગભગ એક તૃતીયાંશ નિવૃત્ત થાય છે, તેથી ચૂંટણીઓ નિયમિતપણે યોજાય છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જામનગર જિલ્લાની આખરી મતદારયાદી જાહેર

## જિલ્લામાં ૨૧,૪૧૨ નવા નામ ઉમેરાયા, કુલ ૧૦.૮૫ લાખથી વધુ મતદારો નોંધાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

ભારતના ચૂંટણી આયોગ દ્વારા તા.૨૭/૧૦/૨૦૨૫થી જાહેર કરાયેલ મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ-૨૦૨૬ અંતર્ગત જામનગર જિલ્લાની આખરી મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર કેતન ઠક્કરે આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, તા. ૦૧/૦૧/૨૦૨૬ની લાયકાતની તારીખના સંદર્ભમાં હાથ ધરાયેલી આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તા. ૧૭/૦૨/૨૦૨૬ના રોજ આખરી મતદારયાદી જાહેર કરવામાં આવી છે.રજૂ થયેલા હક્ક-દાવા અને વાંધાઓની સઘન સુનાવણી બાદ પ્રસિદ્ધ કરવામાં આવેલી આ યાદીમાં જિલ્લામાં કુલ ૧૦,૮૫,૦૩૨ મતદારોનો સમાવેશ થાય છે. જેમાં ૫,૬૧,૮૫૮ પુરુષો, ૫,૨૩,૧૬૧ મહિલાઓ અને ૧૩ અન્ય ત્રીજી જાતિ.ના મતદારો નોંધાયા છે. ઉલ્લેખનીય છે કે, મુસદ્દા મતદારયાદીની પ્રસિદ્ધિ બાદ હાથ ધરવામાં આવેલી ઝુંબેશ દરમિયાન કુલ ૨૧,૪૧૨ નવા મતદારોના નામ ઉમેરવામાં આવ્યા છે. આ ઉપરાંત સેવા મતદારોની પણ આખરી યાદી પ્રસિદ્ધ કરી દેવામાં આવી છે અને તેની નકલ માન્ય રાજકીય પક્ષોને સુપરત કરવામાં આવી છે.વિધાનસભા મતદાર વિભાગવાર વિગતવાર આંકડા.જિલ્લાના પાંચેય વિધાનસભા વિસ્તારોમાં મતદારોનું વિભાજન જોતા,૭૬-કાલાવડ.અ.જા. બેઠક પર ૨,૧૨,૮૪૫, ૭૭-જામનગર ગ્રામ્ય.માં ૨,૩૬,૯૧૯, ૭૮-જામનગર ઉત્તર.માં ૨,૩૧,૭૯૫, ૭૯-જામનગર દક્ષિણ.માં ૧,૯૦,૪૯૮ અને ૮૦-જામજોધપુર બેઠક પર ૨,૧૨,૯૭૫ મતદારો નોંધાયા છે.

કલેક્ટરએ વધુમાં જણાવ્યું હતું કે, કોઈપણ મતદાર પોતાનું નામ મતદારયાદીમાં છે કે નહીં તેની ચકાસણી કરવા માટે ચૂંટણી પંચના અધિકૃત પોર્ટલ. https://electoralsearch.eci.gov.in/નો ઉપયોગ કરી શકે છે. જો કોઈ મતદાર નોંધણી અધિકારીના હુકમથી સંતુષ્ટ ન હોય, તો તેઓ હુકમની તારીખથી ૧૫ દિવસની મર્યાદામાં જિલ્લા મેજીસ્ટ્રેટ અને જિલ્લા કલેક્ટરને રૂબરૂ અથવા https://voters.eci.gov.in/ પર ઓનલાઈન અપીલ કરી શકશે.

# જામનગર જિલ્લા ચૂંટણી અધિકારી કેતન ઠક્કરે માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને આખરી મતદારયાદીની નકલ સુપ્રત કરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી કેતન ઠક્કરના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર તૈયાર કરવામાં આવેલી SIR અન્વયેની 'આખરી મતદારયાદી' પ્રસિદ્ધ કરવામાં આવી હતી અને માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને તેની નકલો સુપ્રત કરવામાં આવી હતી.બેઠક દરમિયાન કેતન ઠક્કરે જણાવ્યું હતું કે, લોકશાહીના પર્વને સફળ બનાવવા માટે ક્ષતિરહિત મતદારયાદી એ પાયાની જરૂરિયાત છે. વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલા ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત નવા મતદારોના નામ ઉમેરવા, સુધારા કરવા અને મૃત કે સ્થળાંતરિત મતદારોના નામ કમી કરવાની પ્રક્રિયા અત્યંત ઝીણવટપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે.આ પ્રસંગે ઉપસ્થિત વિવિધ માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓએ વહીવટી તંત્રની કામગીરી પર સંતોષ વ્યક્ત કર્યો હતો.



આગેવાનોએ તંત્ર દ્વારા કરવામાં આવેલી પારદર્શક કામગીરી અને ડેટાની સચોટતાની સરાહના કરી હતી. પક્ષના પ્રતિનિધિઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ સુધારેલી યાદી આગામી ચૂંટણી પ્રક્રિયાને વધુ ન્યાયી અને સુગમ બનાવશે.આ બેઠકમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી દીપા કોટક, વિવિધ પક્ષોના હોદ્દેદારો તેમજ ચૂંટણી શાખાના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબી જીલ્લામાં ત્રણ અલગ અલગ અકસ્માતના બનાવ નોંધાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં માર્ગ અકસ્માતના અલગ અલગ ત્રણ બનાવોમાં ત્રણથી વધારે વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. જેમાં મોરબી તાલુકાના આમરણ, માળીયા(મી)ના સરવડ અને વાંકાનેર તાલુકાના ભલગામ નજીક અલગ અલગ ત્રણ માર્ગ અકસ્માતના બનાવ નોંધાયા છે. ત્રણેય બનાવો અંગે સંબંધિત પોલીસ સ્ટેશનોમાં બીએનએસ અને એમ.વી. એક્ટ મુજબ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે.

મોરબી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બેલા અને આમરણ ગામ વચ્ચે આવેલા બેઠા પુલિયા પાસે તા.૧૫/૦૨ના રોજ બપોરે ફોરવ્હીલ કાર નં. જીજે-૩૬-એપી-૪૩૦૭ના ચાલકે પોતાનું વાહન બેદરકારીપૂર્વક હંકારી ફરીયાદી આવેશભાઈ નુરમામદભાઈ સોઢા ઉવ ૩૭ રહે. હાલ હળવદ જી.આઇ.ડી.સી. માર્કેટ યાડની પાછળ ઝુપડામા મુળ રહે.બેલા(આમરણ) તા.જી.મોરબી વાળાના મોટરસાયકલને હડફેટે લેતા તેઓને જમણા હાથની આંગળીમાં ફ્રેક્ચર સહિત ઇજાઓ પહોંચી હતી. હાલ તાલુકા પોલીસે આરોપી કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

જ્યારે અકસ્માતના બીજા બનાવમાં માળીયા (મી) પોલીસ સ્ટેશન વિસ્તારમાં જામનગર હાઈવે પર સરદારનગર(સરવડ) ગામના પાટિયા પાસે તા.૧૫/૦૨ના રોજ હોન્ડા સાઇન મોટરસાયકલ નં. જીજે-૨૩-એએ-૬૨૩૭ના ચાલકે અચાનક સાઇડ કાપતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ફરીયાદી પ્રભુલાલ અરજણભાઈ વાઘેલા ઉવ.૪૬ રહે-ઘુનડા ગામ(ખાનપર) તા.ટંકારા મુળ રહે.લુંટાવદર તા.જી.મોરબી વાળાને મોઢા અને નાકમાં ફ્રેક્ચર સહિત ગંભીર ઈજાઓ તથા મોટર સાયકલમાં સવાર ફરિયાદીની દીકરી તથા ભત્રીજીને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. હાલ માળીયા(મી) પોલીસે આરોપી મોટર સાયકલના ચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

આ ઉપરાંત વાંકાનેર તાલુકાના ભલગામ ગામ પાસે હાઈવે રોડ પર તા. ૦૫/૦૨/૨૦૨૬ના રોજ મોટરસાયકલ નં. જીહે-૩૬-બીએ-૫૮૩૯ના ચાલકે ચાલીને જતા શ્રમિક બુડુભાઈ બસુભાઇ ગોડા ઉવ.૪૦ રહે.હાલ આદિત્ય કારખાનુ ભલગામ તા.વાંકાનેર મુળ રહે.પુડાબાડી ઓડીસા વાળાને પાછળથી ટક્કર મારી ઈજા પહોંચાડી અને આરોપી મોટર સાયકલ ચાલક પોતાનું વાહન લઈને સ્થળ પરથી નાસી ગયો હતો. હાલ વાંકાનેર તાલુકા પોલીસે ઈજાગ્રસ્તની ફરિયાદને આધારે આરોપી મોટર સાયકલ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી, તેને પકડી લેવા અલગ અલગ દિશામાં તપાસ શરૂ કરી છે.

# મોરબીમાં બેટરીના પાણીના બોક્સની આડમાં વિદેશી દારૂ મંગાવનાર મુખ્ય આરોપી ઝડપાયો

## ખાનગી ટ્રાવેલ્સ મારફતે બનાવટી બિલથી દારૂ મંગાવતો સાહીલ ઉર્ફે સાહુ પકડાયો; કામરેજ અને બગોદરા પોલીસના ૨૦૨૪ના ગુન્હાઓમાં બે વર્ષથી ફરાર હતો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં બેટરીના પાણીના બોક્સની આડમાં પરપ્રાંતીય ઈંગ્લિશ દારૂનો જથ્થો મંગાવનાર રાજકોટના મુખ્ય આરોપીને મોરબી સીટી એ ડીવીજન પોલીસ ટીમે ઝડપી પાડ્યો છે. પકડાયેલ રીઢો આરોપી સુરત ગ્રામ્ય કામરેજ અને અમદાવાદ ગ્રામ્ય બગોદરા પોલીસ સ્ટેશનના વર્ષ ૨૦૨૫૪ના પ્રોહિબિશન ગુન્હાઓમાં નાસતો ફરતો હોવાનું સામે આવ્યું છે.

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક મુકેશકુમાર પટેલના માર્ગદર્શન હેઠળ દારૂ-જુગાર અને મિલ્કત સંબંધિત ગુન્હાઓ સામે વિશેષ ડ્રાઈવ ચાલુ હોય તે અંતર્ગત મોરબી સીટી એ ડીવીજન પોલીસ સ્ટેશનના પીઆઇ આર.એસ. પટેલના માર્ગદર્શન હેઠળ અગાઉ નોંધાયેલ પ્રોહીબીશનના કેસમાં કાર્યવાહી કરવામાં આવી હતી. તપાસ દરમ્યાન પરપ્રાંતીય ઈંગ્લિશ દારૂ અને બેટરીના પાણીના બોક્સ સહિત કુલ અંદાજિત રૂ.૪,૫૭,૪૦૦/- નો મુદ્દામાલ કબજે કરાયો હતો. તે કેસમાં મુખ્ય આરોપી સાહીલભાઈ ઉર્ફે સાહુ હનીફભાઈ નુરાભાઈ પરમાર રહે. હાથીખાના-૧૭, આર્ય સમાજ પાસે રામનાથપરા મેઈન રોડ રાજકોટ વાળો ખાનગી ટ્રાવેલ્સ મારફતે લગેજ તરીકે બનાવટી બિલ બનાવી દારૂ મંગાવતો હોવાનું બહાર આવ્યું હતું.

પકડાયેલ મુખ્ય આરોપીની ઉંડાણપૂર્વકની પૂછપરછમાં સામે આવ્યું કે આરોપી વર્ષ ૨૦૨૪માં કામરેજ પોલીસ સ્ટેશનમાં રૂ.૧૫.૮૨ લાખના દારૂ કેસમાં, તેમજ બગોદરા







પોલીસ સ્ટેશનમાં રૂ.૪.૭૨ લાખના દારૂ કેસમાં નાસતો ફરતો હતો. આ ઉપરાંત આરોપી વિરુદ્ધ અગાઉ રાજકોટ શહેર બી ડીવીઝન તથા પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં પણ મારામારી, ધમકી અને પ્રોહિબિશન સંબંધિત અનેક ગુન્હાઓ નોંધાયેલા છે. આ સાથે પકડાયેલા આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી સંબંધિત પોલીસ સ્ટેશનોને જાણ કરવામાં આવી છે.

# જામનગરના જાણીતા ઓર્થો. સર્જન સાથે લાખોની છેતરપીંડી





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરનાં એક જાણીતા ઓર્થો. તબીબે જુદી જુદી છ કંપનીમાં શેરો ખરીદયા હતા. તેના વ્યવહારો ડીમેટ એકાઉન્ટમાં નહીં નાખી માર્જીન પેટે આવેલ શેર પોતાની કંપનીનાં એકાઉન્ટમાં રાખી વિશ્વાસઘાત કર્યાનો સામે આવતા મામલો પોલીસમાં લઇ જવામાં આવ્યો છે. જયાં આરકેડીયા શેર બ્રોકર પ્રા.લી.નાં ડાયરેક્ટર સહિતનાં શખ્સો સામે વિધિવત પોલીસ ફર્યિાદ નોંધાવવામાં આવતા ચકચાર વ્યાપી છે.જામનગરમાં પાર્ક કોલોની ખાતે સુજલ હાઉસમાં રહેતા ડો. કિશોરભાઇ સાજનમલ મહેશ્વરીએ ગઇકાલે સીટી બી ડીવીઝનમાં આરકેડીયા શેર અને બ્રોકર પ્રા.લી. કું.ના ડાયરેકટર નીતીન અમૃતલાલ તથા એન્ટોની સીકવેટા તથા પ્રેમ એન્ટોની સીકવેટા તથા યશ રમેશ બ્રહ્મભટ્ટ તેમજ રમેશ અમૃતલાલ બ્રહ્મભટ્ટની વિરુદ્ધ વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ નોંધાવી છે.

ફરીયાદી તબીબ કિશોરભાઇએ જુદી જુદી છ કંપનીનાં શેરો જેની કુલ કિંમત રુ. ૪૧,૮૬,૫૫૬ની ખરીદ કરેલ હોય. તેના વ્યવહારો ફરીયાદીનાં ડિમેટ એકાઉન્ટમાં આરોપીઓએ નહિ નાંખી તેમજ માર્જીન પેટે આવેલ શેરો પોતાની કંપનીના એકાઉન્ટમાં રાખી આ રકમ પોતાના અંગત વપરાશમાં લઇ આરોપીઓએ ફરિયાદ તબીબ સાથે વિશ્વાસઘાત કરી એકબીજાને મદદગારી કરી હતી. આ ફરિયાદની તપાસ પીએસઆઇ મોઢવાડીયા ચલાવી રહ્યા છે.વધુમાં મળેલી વિગત મુજબ ફરીયાદી તબીબે ડીમેન્ટ તથા ટ્રેડીંગ એકાઉન્ટ ૭-૧-૨૦૦૯નાં રોજ નવુ ખોલાવ્યું હતું. તે સમયે આરકેડીયા શેર અને બ્રોકર પ્રા.લી. જામનગરમાં નવી બ્રાંચ આવી હતી. અને માર્કેટીંગ માટે ઓફિસે જતા હતા. દરમ્યાન ફરીયાદી દ્વારા સમયાંતરે જુદી જુદી કંપનીનાં શેરમાં રોકાણ કર્યું હતું. ૨૦૨૧માં ઉપરોકત કંપનીનાં ડીમેટ એકાઉન્ટમાં તપાસ કરવામાં આવતા ખરીદ વેંચાણ એકાઉન્ટ બંધ થઇ ગયેલ તે બાબતે કંપનીનો સંપર્ક કરતા ઇમેલથી જાણ કરેલ કે અમારી કંપનીને એનએસસી દ્વારા ફ્રોઝન કરવામાં આવેલ છે.

ત્યારબાદ ગત તા. ૮-૨-૨૪નાં ઇમેલ દ્વારા શેર બાબતે કેટલીક વિગતો ટાંકવામાં આવી હતી. અને ખરીદ કરેલા શેરોના વ્યવહાર તેમનાં ડીમેટ એકાઉન્ટમાં નહિં રાખીને વિશ્વાસઘાત થયાનું જાણમાં આવ્યું હતું.

# જામનગરના યુવાનો માટે ભારતીય સેનામાં અગ્નિવિર તરીકે જોડાવાની સુવર્ણ તક

## ઓનલાઇન અરજી પ્રક્રિયાનો પ્રારંભ, ૦૧ એપ્રિલ સુધી ફોર્મ ભરી શકાશે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર,ભારતીય સેના દ્વારા અગ્નિપથ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૬-૨૭ માટે અગ્નિવિર ભરતી પ્રક્રિયાની જાહેરાત કરવામાં આવી છે. જે અંતર્ગત આર્મી રિક્રુટિંગ ઓફીસ, જામનગર દ્વારા આગામી તા. ૦૧/૦૬/૨૦૨૬ થી તા. ૧૫/૦૬/૨૦૨૬ દરમિયાન અગ્નિવિર ભરતી પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમાં સહભાગી થવા ઈચ્છતા જામનગર જિલ્લાના લાયક ઉમેદવારો માટે ઓનલાઇન અરજી કરવાની પ્રક્રિયા તા. ૧૩/૦૨/૨૦૨૬ થી શરૂ કરવામાં આવી છે, જે તા. ૦૧/૦૪/૨૦૨૬ સુધી ચાલશે. ઉમેદવારોએ ભારતીય સેનાની સત્તાવાર વેબસાઇટ www.joinindianarmy.nic.in પર જઈને નિયત સમયમર્યાદામાં ઓનલાઇન નોંધણી કરાવવાની રહેશે.આ ભરતી મેળામાં સામેલ થવા માટે ઉમેદવારની ઉંમર ૧૭.૫૦ થી ૨૨ વર્ષની વચ્ચે હોવી જોઈએ અને ધોરણ ૦૮ થી ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કરેલો હોવો જોઈએ. આ ભરતી પ્રક્રિયામાં માત્ર અપરિણીત પુરુષ ઉમેદવારો જ ભાગ લઈ શકશે.ભરતી અંગેની વધુ વિગતો માટે ઉપરોક્ત સત્તાવાર પોર્ટલનો સંપર્ક કરવા જિલ્લા રોજગાર અધિકારી, જામનગરની યાદીમાં જણાવાયું છે.

# જીવનશૈલીને લાગત રોગો માટે નિદાન, ચિકિત્સા અને સારવાર

## આઈ. ટી. આર. એ. ખાતે સપ્તાહમાં ત્રણ દિવસ નિશુલ્ક સુવિધા ઉપલબ્ધ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર આઈ. ટી. આર.આયુર્વેદ એ માત્ર રોગાઉપચાર માટેનું જ નહીં પરંતુ સંપૂર્ણ સ્વાસ્થ્ય માટે કાર્ય કરતું શાસ્ત્ર છે ત્યારે વર્તમાન જીવનશૈલીમાં ખૂબ જ તણાવ અને વિશેષ કાર્યભાર હેઠળ કાર્ય કરતાં લોકોને અનેક પ્રકારની બીમારી થવાંની શક્યતાઓ રહેલી છે. આઈ. ટી. આર. એ. જામનગર ખાતે રોગ નિદાન વિભાગ દ્વારા હોસ્પિટલમાં ઑ.પી.ડી. નંબર બી-૧૩ પર સપ્તાહમાં ત્રણ દિવસ સોમવાર, શુક્રવાર અને શનિવારે ખાસ પ્રકારની ઑ. પી. ડી. ચલાવવામાં આવશે જેમાં કોઈપણ ક્ષેત્રના ઉચ્ચ હોદ્દા પર કાર્ય કરતાં લોકો નિદાન, માર્ગદર્શન અને ચિકિત્સા નિશુલ્ક મેળવી શકશે.

અહીં સતત તણાવ અને અનિયમિત ખાન-પાનના કારણે, વધુ થાકેલ, તણાવ યુક્ત, શરીરમાં સ્ફૂર્તિનો અભાવ અને યાદશક્તિનું ઘટી જવું તેમજ પોતાના વ્યવસાયના કાર્ય પર બરાબર ધ્યાન કેન્દ્રિત ન કરી શકવું અને ઊંઘ પૂરી ન થતી હોવાનો સતત અનુભવ કરતા હોય છે. આ પ્રકારના લક્ષણોથી ગ્રસ્ત રહેવાથી વ્યક્તિની કાર્ય ક્ષમતા ઓછી થઇ જાય છે. આ લક્ષણ ચાલુ રહેવાથી સમય પહેલા શરીરના આંતરિક અવયવોમાં વૃદ્ધાવસ્થા આવી શકે છે.આ સમસ્યાથી પીડિત લોકો માટે શરીરના આંતરિક અવયવોની સાચી ઉમરની જાણકારી ઉપરાંત તેના થી બચવા માટે.બહાર આવવા માટેની તપાસ માર્ગદર્શન અને ચિકિત્સા આપવામાં આવશે જેનો લાભ લેવાં સંસ્થાના ડાયરેક્ટર પ્રો. ડૉ.તનુજા નેસરી દ્વારા અખબારી યાદીમાં જણાવવામાં આવે છે.

# મોરબીમાં આસ્વાદ પાનથી અર્શ બેકરી સુધી ડ્રેનેજ લાઈન માટે આજથી ૯ દિવસ સુધી રસ્તા બંધ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના લાતી પ્લોટ મેઈન રોડ જંકશન વિસ્તારમાં આસ્વાદ પાનથી અર્શ બેકરી સુધી ડ્રેનેજ લાઈન નાખવાના કામને કારણે આજથી તા.૧૮/૦૨ થી તા.૨૬/૦૨ સુધી આ રોડ બંધ રહેશે. આ માટે નાગરિકોએ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા સૂચના આપવામાં આવી છે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરના વિકાસ માટે સતત વિવિધ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવી રહ્યા છે. શહેરને મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ મુખ્ય માર્ગોના નિર્માણ અને સુધારણા કાર્ય પૂર્ણ થયા છે અને હવે આંતરિક સુવિધાઓ મજબૂત બનાવવા માટે ડ્રેનેજ નેટવર્ક વિસ્તરણનું કામ શરૂ કરવામાં આવ્યું છે. આ અંતર્ગત લાતી પ્લોટ મેઈન રોડ જંકશન વિસ્તારમાં આસ્વાદ પાનથી અર્શ બેકરી સુધી નવી ડ્રેનેજ લાઈન નાખવામાં આવશે. આ કામ દરમ્યાન માર્ગ ખોદકામ થવાને કારણે તા.૧૮ ફેબ્રુઆરીથી તા.૨૬ ફેબ્રુઆરી સુધી ઉપરોક્ત રોડ વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ રહેશે. જેથી મોરબી મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે કે આ સમયગાળા દરમિયાન ટ્રાફિક અવરજવર માટે વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરે અને કામગીરીમાં સહકાર આપે.

# જામનગર જિલ્લામાં સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવા શ્રમિકો અને ભાડૂતોની વિગતો પોલીસને આપવી ફરજિયાત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત બનાવવા તથા ગુનાખોરી પર અંકુશ મેળવવાના હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એસ. એમ. કાથડ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. ભૂતકાળમાં બનેલી લૂંટ, ધાડ, હત્યા અને અપહરણ જેવી ગંભીર ઘટનાઓના વિશ્લેષણમાં એવું જોવા મળ્યું છે કે, અન્ય જિલ્લા કે રાજ્યોમાંથી આવતા શ્રમિકો કે કારીગરો ગુના આચરીને નાસી જતા હોય છે અથવા અન્યત્ર ગુના કરીને જામનગરમાં છુપાઈને રહેતા હોય છે. આ પ્રકારની અસામાજિક પ્રવૃત્તિઓ ડામવા અને જિલ્લાની શાંતિ જાળવવા માટે હવે તમામ ઉદ્યોગકારો, વેપારીઓ અને મકાનમાલિકોએ તેમના શ્રમિકો તેમજ ભાડૂતોની જાણકારી પોલીસને આપવી અનિવાર્ય બનશે.

આ જાહેરનામા મુજબ, જામનગર મહાનગરપાલિકા વિસ્તાર સહિત સમગ્ર જિલ્લાના તમામ કારખાનેદારો, બિલ્ડરો, ફાઉન્ડ્રી ઉદ્યોગના માલિકો, ખેતીના ભાગીયા રાખતા ખેડૂતો અને ખાનગી સેક્ટરના મેનેજમેન્ટે તેમના એકમમાં કાર્યરત તમામ કાયમી, હંગામી કે કોન્ટ્રાક્ટ બેઝના શ્રમિકોની વિગતો નિયત પત્રક-'ક' માં તૈયાર કરી ૧૫ દિવસની મર્યાદામાં નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે. તેવી જ રીતે, મકાનમાલિકો અને મકાન ભાડે અપાવનાર દલાલોએ પણ અન્ય રાજ્યો કે જિલ્લામાંથી આવતા ભાડૂતોની માહિતી પત્રક-'ખ' મુજબ તૈયાર કરી પોલીસને સોંપવાની રહેશે.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડવામાં આવેલું આ જાહેરનામું તા.૧૫/૦૩/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ આદેશનો કોઈપણ પ્રકારે ભંગ કરનાર વ્યક્તિ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જિલ્લા પોલીસ તંત્રના હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરના દરજ્જાના અધિકારીઓને આ જાહેરનામાના ભંગ બદલ ફરિયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે.

# રફાળેશ્વર મેળામાં યુવાનને ચાર શખ્સોએ છરી બતાવી બેફામ માર માર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી નજીક રફાળેશ્વર મેળા દરમિયાન મકનસર ગામના યુવાનને છરી બતાવી મારપીટ કરવાના બનાવમાં ચાર આરોપીઓ વિરુદ્ધ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા, પોલીસે ફરિયાદને આધારે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, નવા મકનસર વાદીપરામાં રહેતા રવિભાઈ દિનેશભાઈ નંદેસરીયા ઉવ.૨૪ એ આરોપી રવિ, સાવન તથા અજાણ્યા બે ઈસમો બધા રહે.મકનસર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, ગઈ તા.૧૫/૦૨ના રોજ રફાળેશ્વર મેળામાં તેઓ પોતાના ભાઈ ખુશાલ તથા મિત્રો સાથે ગયા હતા. જ્યાં રાત્રે મેળાના મેદાનમાં તેમના ગામના તેમનો મિત્ર આરોપી રવિ અને સાવન મળ્યા હતા. મસ્તીમાં થયેલી બોલાચાલી બાદ આરોપી સાવન દ્વારા જપાજપી કરી જાપટો મારવામાં આવી હતી ત્યારબાદ તેમની સાથે આવેલા બે અજાણ્યા વ્યક્તિઓમાંથી એકે છરી કાઢી ધમકી આપી હતી અને ચારેયે મળી ફરિયાદી પર આડેધડ મારપીટ કરી હતી. આ દરમિયાન ફરિયાદીનો ભાઈ ખુશાલ વચ્ચે પડતા તેને પણ લાત મારી ઈજા પહોંચાડવામાં આવી હતી. હુમલા બાદ ફરિયાદી રવીને ૧૦૮ મારફત મોરબી સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો. હાલ તાલુજ પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના માર્કેટિંગ યાર્ડમાં છત ઉપર જુગાર રમતા ચાર ઝડપાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના શનાળા રોડ સ્થિત માર્કેટિંગ યાર્ડમાં બકાલા માર્કેટની છત ઉપર ગંજીપતાના પાના વડે જુગાર રમતા હોવાની પૂર્વ બાતમીને આધારે મોરબી સીટી એ ડિવિઝન પોલીસે રેઇડ કરી તીનપત્તિનો જુગાર રમતા હરીશચંદ્ર મનીરામ શર્મા ઉવ.૨૨ રહે-માર્કેટીંગ યાર્ડ શનાળા રોડ મોરબી મુળ રહે-નિયોલી કાસગંજ ઉત્તર પ્રદેશ, દીવાકર રામબહાદુર મોરે ઉવ.૨૨ રહે-માર્કેટીંગ યાર્ડ શનાળા રોડ મોરબી મુળ રહે-હુસેનપુર કાસગંજ ઉત્તર પ્રદેશ, શનીભાઇ લાલકાપ્રસાદ સાહુ ઉવ.૧૯ રહે-શનાળા રોડ માર્કેટીંગ યાર્ડ મોરબી મુળ રહે-હુશેનપુર કાસગંજ ઉત્તર પ્રદેશ તથા મનિષભાઇ ચતુરભાઇ દંતેસરીયા ઉવ.૨૪ રહે-ચૌહાણના દવાખાના પાસે વીશીપરા મોરબી વાળાને રોકડા રૂ.૬,૮૦૦/- સાથે ઝડપી લઈ તમામ વિરુદ્ધ પોલીસે એ ડિવિઝન પોલીસ મથકમાં જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં ૧૦ અને ૨૦ રૂ.ના નોટોના બંડલની લાલચ આપી રૂ.૨.૫૦ લાખની ઠગાઈ

## ખોટું નામ ધારણ કરી અનેકો સાથે ઠગાઈ આચરનારની શોધખોળ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના વેપારી સાથે ખોટું નામ ધારણ કરી રૂ. ૨.૫૦ ,લાખની ઠગાઈ કરવાના મામલે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. આરોપીએ અલગ-અલગ મોબાઈલ નંબર પરથી ફોન કરી છુટા નોટોના બંડલ આપવાની લાલચ આપી આંગડિયા પેઢી મારફતે રકમ પડાવી હતી. હાલ આરોપીને પકડી લેવા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ફરીયાદી ચેતનભાઈ રતીલાલભાઈ દેત્રોજા ઉવ.૪૨ રહે. રવાપર ઘુનડા રોડ રામ વંદના એપાર્ટમેન્ટ ૫૦૩ મોરબી મૂળરહે. લીલાપર ગામના વતની દ્વારા નોંધાવાયેલી ફરિયાદ મુજબ ગત તા.૨૧/૦૧/૨૦૨૬ના રોજ ૧૧ થી બપોરે ૨ વાગ્યા દરમિયાન આરોપી પંકજભાઈ કેશવજીભાઈ ફેફર રહે.નવાગામ લખધીરનગર દ્વારા અલગ-અલગ મોબાઈલ નંબરો પરથી સંપર્ક સાધવામાં આવ્યો હતો. જેમાં આરોપીએ ખોટું નામ ધારણ કરી ફરીયાદી તથા અન્ય સાહેદોને રૂ. ૧૦ અને ૨૦ના છુટા નોટોના બંડલ સસ્તામાં આપવાની લાલચ આપી વિશ્વાસમાં લઈને રૂ. ૨,૫૦,૦૦૦/- ની રકમ ખોટા નામે આર.આર. આંગડિયા પેઢી મારફતે આંગડિયું કરાવી ફરિયાદી તથા અન્યો સાથે ઠગાઈ કરી હતી. હાલ સમગ્ર બનાવ મામલે સીટી એ ડિવિઝન પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તેને પકડી લેવા તપાસની તજવીજ શરૂ કરી છે.

# મોરબી દહેજ અને માનસિક ત્રાસને લઈ શિક્ષિકાએ પતિ સહિતના સાસરિયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહિલા પોલીસ મથકમાં નોંધાયેલ ફરિયાદમાં ટંકારાના હમીરપર ગામે માવતરે રહેતા શિક્ષિકાએ પતિ, સાસુ, જેઠ-જેઠાણી સહિત સાસરીયા પક્ષ વિરુદ્ધ દહેજ માંગણી, માનસિક ત્રાસ અને ચારિત્ર્ય પર ખોટા આક્ષેપ અંગે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે મોરબી મહિલા પોલીસ મથકે આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા કલમ હેઠળ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, ટંકારાના હમીરપર ગામે માવતરે રહેતા અને ખેવારીયા સાસરું ધરાવતા જ્યોતિબેન દિવ્યેશભાઈ ઉભડીયા ઉવ.૩૧ કે જેઓ સરકારી શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે. તેણીએ મોરબી મહિલા પોલીસ મથકમાં આરોપી પતિ દિવ્યેશભાઈ નિલેશભાઈ ઉભડીયા, સાસુ સરોજબેન નિલેશભાઈ ઉભડીયા, જેઠ જયદીપભાઈ નિલેશભાઈ ઉભડીયા તથા જેઠાણી પિન્ટુબેન જયદીપભાઈ ઉભડીયા તનામ રહે ખેવાળીયા ગામ તા.જી.મોરબી વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગત તા.૦૫ જૂન ૨૦૨૫ના રોજ ખેવાળીયા ગામના દિવ્યેશભાઈ નિલેશભાઈ ઉભડીયા સાથે લગ્ન થયા હતા. લગ્ન સમયે માવતર તરફથી દસ તોલા સોનું તથા ઘરવખરી આપવામાં આવી હતી. લગ્ન પહેલાં અને બાદમાં પતિ દ્વારા રૂપિયા ૨૦ હજાર તેમજ બાદમાં એસી, વોશિંગ મશીન, ચાંદીનો કંદોરો વગેરે લાવવા દબાણ કરાયું હતું. ઘરકામ અને કરિયાવર બાબતે અવારનવાર મેણાટોણા, અપમાનજનક શબ્દો અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. ચારિત્ર્ય બાબતે ખોટા આક્ષેપો કરી પરિવાર સમક્ષ અપમાન કરવામાં આવતું હતું. ત્યારે ગત તા.૧૪/૦૯/૨૦૨૫ના રોજ ટંકારા રોડ પર અડધા રસ્તે સામાન સાથે ઘરેથી કાઢી મુકવામાં આવી હતી. બાદમાં સમાધાન બેઠકમાં પણ ચારિત્ર્ય અંગે ખોટા આક્ષેપો કરી અડધો પગાર સાસરીયાને આપવાની શરત મુકાઈ હોવાનું જણાવાયું છે. આ માનસિક ત્રાસથી કંટાળી ફરીયાદી શિક્ષિકાએ તા.૧૩ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. પ્રથમ રાજકોટની ખાનગી હોસ્પિટલમાં અને ત્યાર-બાદ બીજી હોસ્પિટલમાં સારવાર લીધી હતી. હાલ મોરબી મહિલા પોલીસે ફરિયાદને આધારે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસની તજવીજ શરૂ કરી છે.

# રાજકોટ જિલ્લામાં ગ્રામ્ય પ્રશ્નોના નિકાલ માટે ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં ૧૯મીથી સરપંચ સંવાદ યોજાશે

### ડી.ડી.ઓ. સહિતના અધિકારીઓ દ્વારા તાલુકા મથકોએ બેઠકો યોજી પ્રશ્નોના ત્વરિત નિકાલ અને યોજનાઓના લાભો પહોંચાડવા વિશેષ આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના ગામડાઓના છેવાડાના નાગરિકો સુધી સરકારની જનકલ્યાણકારી યોજનાઓના લાભ સમયસર પહોંચાડવા અને ગ્રામ્ય કક્ષાના પ્રશ્નોનો સ્થાનિક સ્તરે નિકાલ લાવવાના હેતુથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સરપંચ સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૯મી ફેબ્રુઆરીથી રાજકોટ જિલ્લાના વિવિધ તાલુકા મથકોએ આ સંવાદ કાર્યક્રમ શરૂ થશે.

રાજકોટ જિલ્લા કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશ અને જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદના માર્ગદર્શન હેઠળ જિલ્લાના તમામ તાલુકા મથકોએ સંબંધિત ગામના સરપંચો સાથે ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ સંવાદ બેઠકો યોજવામાં આવશે.

૧૯મી ફેબ્રુઆરીએ બપોરે ૧૨ વાગ્યે વિંછિયા અને બપોરે ૩ વાગ્યે જસદણ ખાતે બેઠક યોજાશે, જ્યારે ૨૭મી ફેબ્રુ.એ બપોરે ૩ વાગ્યે કોટડાસાંગાણીમાં સરપંચ સંવાદ થશે. ૬ માર્ચના રોજ, બપોરે ૧૨ કલાકે ધોરાજી તથા બપોરે ૩ કલાકે જેતપુર ખાતે, ૧૩ માર્ચના રોજ બપોરે ૧૨ વાગ્યે ઉપલેટા અને બપોરે ૩ વાગ્યે જામકંડોરણા અને ૨૪ માર્ચના રોજ બપોરે ૩ વાગ્યે પડધરીમાં સરપંચ સંવાદ યોજાશે. ૭ એપ્રિલના રોજ બપોરે ૩ રાજકોટ તાલુકાનો જ્યારે ૯ એપ્રિલના રોજ બપોરે ૧૨ કલાકે ગોંડલ તથા બપોરે ૩ કલાકે લોધિકા ખાતે સરપંચ સંવાદ થશે. બેઠક દરમિયાન સરપંચઓ દ્વારા રજૂ કરવામાં આવતા પ્રશ્નો, રજૂઆતો અને સૂચનો અંગે જિલ્લા વિકાસ અધિકારી, મેનેજિંગ ડિરેક્ટર - પી.જી.વી.સી.એલ., પોલીસ અધિક્ષક, સંબંધિત પ્રાંત અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર સહિતના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહીને સ્થળ પર જ ચર્ચા કરીને સમયબદ્ધ અને અસરકારક નિરાકરણ સુનિશ્ચિત કરશે. આ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા સરપંચોને અનુરોધ કરવામાં આવ્યો છે. સરપંચ સંવાદ કાર્યક્રમ ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસકાર્યોને વધુ વેગ ગતિ આપશે તથા લોકપ્રશ્નોના ઝડપી અને અસરકારક નિવારણ માટે સક્રિય મંચ પૂરું પાડશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

# ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા સંદર્ભે પ્રતિબંધક આદેશો પ્રસિધ્ધ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ એસ.એસ.સી./એચ.એસ.સી.ની પરીક્ષાઓ અન્વયે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ તમામ પરીક્ષા કેન્દ્રો તથા બિલ્ડિંગોના વિસ્તારમાં તા. ૨૬/૦૨/૨૦૨૬ થી તા.૧૮/૦૩/૨૦૨૬ દરમિયાન રવિવારની જાહેર રજા સિવાય સવારના ૮ થી સાંજે ૧૯:૩૦ કલાક સુધી કેટલાક કૃત્યો પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

રાજકોટ શહેર વિસ્તારમાં પરીક્ષા કેન્દ્રોના કંપાઉન્ડની ચારે બાજુની ત્રિજયાના ૧૦૦ મીટરના વિસ્તારમાં અનધિકૃત વ્યકિતઓ એકત્રીત થશે નહીં. તેમજ ૧૦૦ કોઇ સ્ટેશનર્સ કે વેપારીઓ ઝેરોક્ષ મશીન ચાલુ રાખશે નહીં કે શાળાઓમાં સંચાલકો ઝેરોક્ષ મશીન ચાલુ રાખશે નહીં.

શાળાઓની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઇ વ્યકિત વાહનો લાવશે નહી કે શાળાઓમાં વાહનો ૧૧ જઈ શકશે નહીં. તેમજ ચાર કે તેથી વધારે વ્યકિતઓ ભેગા થશે નહીં. પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્રને લગતુ સાહિત્ય, પુસ્તક, ગાઇડ, ચાર્ટ, મોબાઇલ ફોન જેવા ગેજેટ વગેરે પરીક્ષાસ્થળ અને પરીક્ષા ખંડમાં લઇ જવા નહીં તેમજ સુપરવાઇઝરોએ પણ પરીક્ષા ખંડમાં મોબાઈલ ફોન લઇ જવા નહીં.

પરીક્ષા કેન્દ્રોના સ્થળ સંચાલક, સુપરવાઇઝર (ખંડ નિરીક્ષકો), સરકારી પ્રતિનિધિ અને વર્ગ-૪ ના પરીક્ષા કેન્દ્રોના બિલ્ડીંગમાં ફરજ બજાવતા કર્મચારીઓએ ચોકસાઇપૂર્વકનું ઓળખકાર્ડ સાથે રાખવાનુ રહેશે અને તે ઓળખકાર્ડ સબંધિતોએ પહેરવાનુ રહેશે. ઓળખકાર્ડ સિવાયની કોઇપણ વ્યકિત પ્રવેશ કરી શકશે નહી.

પરીક્ષા કેન્દ્રની આજુબાજુની ૨૦૦ મીટરની ત્રીજયામાં લાઉડ સ્પીકર વગાડી શકાશે નહીં.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્રો ઉપર આ હુકમો લાગુ રહેશે.

આ હુકમમાંથી સ્થાનિક સત્તાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિત કે વ્યકિત સમુહ, તેમજ પરીક્ષા કાર્યમાં રોકાયેલ તમામ ઓળખપત્ર ધરાવતી વ્યકિતઓ, શરતોને આધીન મંજુરી મેળવેલ લગ્નના વરઘોડાને, સ્મશાન યાત્રાને, ફરજ પરના પોલીસ/એસઆરપી/હોમગાર્ડ/જી.આર.ડી. ના અધિકારી તથા જવાનોને મુક્તિ આપવામાં આવી છે. આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

# મોરબી નજીક કેનાલ ડેમમાં ડૂબેલા યુવકનો ૪૫ કલાક બાદ મૃતદેહ મળ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના રફાળિયા મેળા નજીક કેનાલ ડેમમાં ન્હાવા ગયેલા ૧૭ વર્ષીય સાહીલ દીપકભાઈ સોલંકી નામના યુવકની ડૂબી જવાની ઘટના બાદ ફાયર ટીમે સતત ૪૫ કલાક સુધી ભારે જહેમતથી શોધખોળ હાથ ધરી મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. રેસ્ક્યુ કામગીરીમાં મોરબી, રાજકોટ અને જામનગર ફાયર ટીમ જોડાઈ હતી.

મોરબીમાં તા.૧૫/૦૨ના રોજ બપોરે અંદાજે ૩ વાગ્યાની આસપાસ ૧૦૧ ફાયર કંટ્રોલરૂમમાં કોલ મળ્યો હતો કે મોરબી નજીક રફાળિયા મેળા વિસ્તારમાં આવેલા કેનાલ ડેમમાં



ન્હાવા ગયેલા ત્રણ યુવકોમાંથી એક યુવક ડૂબી ગયો છે. મળતી માહિતી મુજબ સાહીલ દીપકભાઈ સોલંકી ઉવ.૧૭ મૂળ નવાગામનો રહેવાસી અને હાલ મોરબીના નીલકમલ સોસાયટી, જેલ રોડ પર રહેતો હતો, જે મિત્રો સાથે મેળામાંથી ફરીને ડેમમાં ન્હાવા ઉતર્યો હતો. ત્યારે તે પાણીમાં ડૂબી ગયો હોવાનું જાણવા મળ્યું હતું.

ઘટનાની જાણ થતાં જ મોરબી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ બોટ સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચી અને શોધખોળ શરૂ કરી હતી. સતત શોધ કામગીરી દરમ્યાન રાજકોટ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ તથા જામનગર ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમો પણ જોડાઈ હતી. ભારે જહેમત અને સતત ૪૫ કલાકની રેસ્ક્યુ કામગીરી બાદ તા.૧૭/૦૨ના રોજ સવારે અંદાજે ૧૧ વાગ્યે સાહીલનો મૃતદેહ ડેમમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો.

# વાંકાનેરના વધાસીયા ખાતે કોન્ટ્રાક્ટના બાકી બિલ મુદ્દે બોલાચાલી, પ્રિન્ટરમાં તોડફોડ

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેરના વધાસીયા ગામની સીમામાં આવેલી કંપનીમાં કોન્ટ્રાક્ટરના બાકી બિલ મુદ્દે એક શખ્સે કર્મચારીઓ સાથે બોલાચાલી કરી ઓફિસમાં રહેલ પ્રિન્ટર તોડી આશરે રૂ.૧૫ હજારનું નુકસાન પહોંચાડ્યાનો બનાવ સામે આવ્યો છે. હાલ વાંકાનેર સીટી પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફરિયાદ મુજબ, ફરીયાદી આયુશ અંતરયામી બીસ્વ-ાલ ઉવ.૪૪ રહે.હાલ વાંકાનેર નવાપરા મૂળ ઓડીસાના વતની એ આરોપી ગેલાભાઇ ખંભલા રહે.ગુદીયાવાડા તા.સાયલા જી.સુરેન્દ્રનગર વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગઈ તા.૧૪/૦૨ના રોજ સાંજના અરસામાં વધાસીયા ગામની સીમમાં આવેલી એસોસીએટેડ પાવર સ્ટ્રકચર લિમિટેડ કંપનીમાં ઉપરોક્ત આરોપી ગેલાભાઈ ખંભલા આવી કોન્ટ્રાક્ટરના બાકી બિલની રકમ બાબતે બોલાચાલી કરવા લાગ્યા હતા. દરમિયાનમાં ફરીયાદી અને સાહેદોને ભુડા બોલી ગાળો આપી, કંપનીના એચ.પી. પ્રિન્ટરને હાથ મારી તોડી નાખતા આશરે રૂ.૧૫,૦૦૦/- નુકસાન થયું હતું. હાલ વાંકાનેર સીટી પોલીસે આરોપી સામે ગુનો નોંધી, આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં રાજકોટ શહેર માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ

### નંબર પ્લેટ વગરના, બ્લેક ફિલ્મ લગાડનારા વાહન ચાલકોની હિસ્ટ્રી ચેક કરો - પો.કમિશનર બ્રજેશકુમાર ઝાનો આદેશ
### બસના ડ્રાયવરની નિયમિત આંખની તપાસ, હાઈવે પર જરૂરી સી.સી.ટી.વી.સહીત ચોકમાં લેફ્ટ ટર્ન સ્મૂધ બનાવવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા ની અધ્યક્ષતામાં રાજકોટ શહેર માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં ટ્રાફિક પોલીસ તેમજ આર.ટી.ઓ. દ્વારા નંબર પ્લેટ વગરની કે બ્લેક ફિલ્મ લગાડનાર વાહન ચાલકો વિરુદ્ધ માત્ર દંડનીય કામગીરી જ નહીં, પરંતુ તેઓની કોઈ ગુનાહિત હિસ્ટ્રી છે કે નહીં તે પણ ચકાસવા પોલીસ અધિકારીઓને કમિશનરએ સૂચના આપી હતી.

બેઠકમાં પોલીસ કમિશનરએ ખાસ કરીને માધાપર ચોકડી, બેડી ચોકડી, ગ્રીન લેન્ડ ચોકડી સહિતના ઝોનમાં લેફ્ટ ટર્ન સ્મૂધ બનવવા રોડ સમથળ કરવાની કામગીરી સતત ચાલુ રાખવા પણ હાઈવે ઓથોરિટીને ટકોર કરી હતી.

વધુમાં હાઈવે પર વાહન અકસ્માત માટે કારણભૂત ગેરકાયદે મીડિયમ ગેપ તોડવાની ઘટનાઓ બનતી રહેતી હોઈ તેવા ઈસમોને પકડવા માટે સી.સી.ટી.વી. કેમેરા સેટઅપ લગાવવા સંબંધિત એજન્સીના અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું.

શહેરમાં ચાર રસ્તા પર, શાળા આસપાસ ટ્રાફિકને અડચણરૂપ વાહન ચાલકો વિરુદ્ધ કામગીરી સઘન કરવા અને એસ.ટી. વિભાગ તેમજ મહાનગરપાલિકાના ડ્રાઈવરની આંખની નિયમિત તપાસ થવી જોઈએ તેમ પણ બ્રજેશ કુમારે સૂચન કર્યું હતું.

ટ્રાફિક પોલીસ વિભાગ તેમજ આર.ટી.ઓ. દ્વારા માર્ગ સલામતી માસ - ૨૦૨૬ અંતર્ગત જાન્યુઆરી માસમાં શાળા કોલેજમાં રોડ સેફ્ટી જનજાગૃતિ કાર્યક્રમ, માર્ગ સલામતી રેલી, પેમ્ફલેટ વિતરણ, વાહનોમાં રેડિયમ પટ્ટી, રીફ્લેક્ટર લગાડવા, આઈ ચેકઅપ કેમ્પ સહિતના કાર્યક્રમોની વિગત પૂરી પાડી હતી. જેમાં બેઠકમાં મહાનગરપાલિકા દ્વારા સ્પીડ લિમિટના સાઈનેજીસની કામગીરી સહીત દબાણ હટાવ, ટ્રાફિક સિગ્નલ રી-ઈન્સ્ટોલેશન સહિતની કામગીરીની માહિતી પુરી પાડવામાં આવી હતી.

આ તકે અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયા,, ટ્રાફિક એ.સી.પી. , આર.ટી. ઓ. આઈ.સી. ટાંક, માર્ગ સલામતી સલાહકાર શ્રી જે.વી. શાહ, નેશનલ હાઈવે ઓથોરિટી, નેશનલ હાઈવે ડિવિઝન, રૂડા, સ્ટેટ આર.એન્ડ.બી. સિવિલ, એસ.ટી. સહીત વિવિધ વિભાગના અધિકારીઓ, પ્રતિનિધિઓએ હાજર રહી માર્ગ સલામતી અર્થે કરવામાં આવેલી કામગીરીની માહિતી પુરી પાડી હતી.

# મોરબીમાં ઈન્સ્ટાગ્રામમાં દીકરીને મેસેજ કર્યાનો ખાર રાખી સગીર વિદ્યાર્થી ઉપર હુમલો, ૯ સામે ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીની ખાનગી શાળામાં ઈન્સ્ટાગ્રામ મેસેજના વિવાદને લઈ સગીર વિદ્યાર્થી ઉપર હુમલો કરવાના મામલે ૯ લોકો સામે ગુનો નોંધાયો છે. વિદ્યાર્થિનીના પિતા સહિતના ટોળાએ શાળા પરિસરમાં જ મારપીટ કરતા ભયનો માહોલ સર્જાયો હતો. ત્યારે આ મામલો મોરબી સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશન સુધી પહોંચતા પોલીસે રાયોટિંગ અને મારપીટની કલમો હેઠળ કાર્યવાહી શરૂ કરી છે. મોરબીની એક નામાંકિત ખાનગી શાળામાં અભ્યાસ કરતા સગીર વિદ્યાર્થીએ તે જ શાળાની વિદ્યાર્થિનીને ઈન્સ્ટાગ્રામ પર મેસેજ કર્યો હતો. જે મામલે વિવાદ ઊભો થયો હતો. ચર્ચા મુજબ વિદ્યાર્થિનીના પિતા આ બાબતે રોષે ભરાયા હતા અને અન્ય આશરે ૮ વ્યક્તિઓ સાથે શાળામાં પહોંચી ગયા હતા. જ્યાં શાળાના પટાંગણમાં વિદ્યાર્થીઓ હાજર હોય ત્યારે જ ટોળાએ સગીર વિદ્યાર્થીને ઘેરી લઈ ઢીકા-પાટુનો માર માર્યો હતો. શાળા સંકુલમાં બનેલી આ ઘટનાથી વિદ્યાર્થીઓમાં ભય અને ગભરાટનો માહોલ સર્જાયો હતો. મારપીટમાં ઈજાગ્રસ્ત થયેલા વિદ્યાર્થીને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. બાદમાં વિદ્યાર્થીના વાલીએ મોરબી સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં વિદ્યાર્થિનીના પિતા સહિત કુલ ૯ લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. આ સાથે પોલીસે રાયોટિંગ અને મારપીટ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# ધોરાજી ખાતે વિ.હિ.પ. અને બજરંગ દળ દ્વારા બલોપાસના કેન્દ્રનું આયોજન કરવામાં આવ્યું




**મુખ્ય સમાચાર, ધોરાજી**
**અહેવાલ - કૌશલ સોલંકી**

ધોરાજી શહેરના કુંભારવાડા ખાતે વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ દ્વારા બલોપાસના કેન્દ્ર નું આયોજન થયું હતું જેમાં સાધુ-સંતોના વર દો દોસ્તો દીપ પ્રાગટ્ય કરી આ કેન્દ્રને ખુલ્લું મુકવામાં આવ્યું હતું

મોટી સંખ્યામાં વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ ના કાર્યકર્તા ઉપસ્થિત રહ્યાં હતા વિવિધ કાર્યકર્તાઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું સાથે આ કેન્દ્ર દર મંગળવારે ખુલ્લું રહેશે જેમાં લાઠી પેજ કરતરબાજ વિવિધ પ્રકારના સ્લોટ પ્રકારો શીખવાડવામાં આવશે કાર્યકર્તાઓ દ્વારાલાઠી નું વીના મૂલ્ય વિતરણ કરવામાં આવ્યું હતું.

# રાજકોટ ડિવિઝન ના ભાટિયા રેલવે સ્ટેશનનો સર્વગ્રાહી પુનઃવિકાસ 'અમૃત ભારત યોજના' હેઠળ ૬.૪૨ કરોડના ખર્ચે કાયાકલ્પ

### મુસાફરો માટે આધુનિક, સુરક્ષિત અને સુવિધાજનક સ્ટેશનની દિશામાં મોટું પગલું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ પશ્ચિમ રેલવેના રાજકોટ રેલવે ડિવિઝન દ્વારા મુસાફરોની સુખદ અને સુરક્ષિત મુસાફરીની દિશામાં એક મોટી સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. 'અમૃત ભારત સ્ટેશન યોજના' અંતર્ગત ૬.૪૨ કરોડના ખર્ચે ભાટિયા સ્ટેશનના સર્વગ્રાહી પુનઃવિકાસનું કાર્ય લગભગ પૂર્ણ થઈ ગયું છે. હવે આ સ્ટેશન માત્ર આધુનિક સુવિધાઓથી સજ્જ નથી, પરંતુ તેની નવી ભવ્ય સ્થાપત્યકળા સાથે સૌરાષ્ટ્રની રેલ કનેક્ટિવિટીને નવી ઊંચાઈ પ્રદાન કરી રહ્યું છે.

મુસાફરીનો અનુભવ બદલી નાખનારા મુખ્ય ફેરફારો : સ્ટેશનને સંપૂર્ણપણે 'દિવ્યાંગજન અને વડીલોને અનુકૂળ' બનાવવામાં આવ્યું છે. વિશાળ સર્ક્યુલેટિંગ એરિયાના વિકાસથી સ્ટેશન પરિસરમાં વાહનોની અવરજવર સરળ અને વ્યવસ્થિત બનશે. સ્ટેશનને નીચે મુજબની અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવ્યું છે

# મોરબી શહેરમાં સ્વચ્છતાને લઈને કલસ્ટર-૫ માં કમિશનરની વિઝિટ





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકામાં સ્વચ્છતાનું ધોરણ જળવાઈ રહે તે માટે સમયાંતરે કમિશનર સ્વપનિલ ખરે દ્વારા જુદા જુદા ક્લસ્ટરની વિઝિટ કરવામાં આવે છે, જે અંતર્ગત ક્લસ્ટર-૫ માં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના કર્મચારીઓ સાથે વિઝિટ કરી શહેરની યોગ્ય સફાઇ થાય તે વિષયક સૂચના આપી હતી.

મોરબી મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનજમેન્ટ શાખા દ્વારા ક્લસ્ટર-૫ ના જુદા જુદા વિસ્તારોની કમિશનર સ્વપિનલ ખરે એ સાઇટ વિઝિટ કરી હતી, ક્લસ્ટર-૫ ના વિસ્તારની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું, જેમાં જીવરાજ પાર્ક, ચક્કરરોડ, સાઈનાથ એપાર્ટમેન્ટ સહિતના ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનના પોઈન્ટનું નિરીક્ષણ કરી શહેરમાં સ્વચ્છતાનું ધોરણ જળવાઈ રહે તે માટે સૂચનો કર્યા હતા, આ સમગ્ર વિસ્તારમાં કામ કરતાં સફાઇ કામદારોની કમિશનર સ્વપિનલ ખરે દ્વારા સાઇટ વિઝિટ કરી આ વિસ્તારમાં સફાઇ કામગીરી નિયમિત સુ-વ્યવસ્થિત રીતે થાય તેનું માર્ગદર્શન આપ્યું હતું, આ તમામ વિસ્તારમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનના પોઈન્ટ પર નિયમિત ગાર્બેજ કલેક્સન કરવા અને યોગ્ય નિકાલ કરવાની સૂચના કમિશનરે આપી હતી, તેમજ આ વિસ્તારમાં આવેલા પોઈન્ટ જેમાં રામેશ્વર મંદિર પાસે, યુ.એન.કોલેજ(નજરબાગ), અને રેલવેના પાટા પાસે નિરીક્ષણ કરી યોગ્ય ગાર્બેજને એકત્ર કરી યોગ્ય રીતે નિકાલ કરવા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના કર્મચારી- સફાઇ કામદારને સૂચના આપી હતી,

કમિશનરની આ વિઝિટ દરમિયાન નાયબ કમિશનર પ્રોજેક્ટ સંજય કુમાર સોની, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના શાખા અધ્યક્ષ અનુરાગભાઈ સંતોકી સહિતના અધિકારી/કર્મચારી હાજર રહ્યા હતા.

# આગામી તા.૨૦ થી ત્રણ દિવસ માટે રાજકોટમાં ભવ્ય ઈન્ડિયન કેટલ શોનું આયોજન

### રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે યોજાનાર આ કેટલ શો એશિયાનો સૌથી મોટો શો હશે




તસ્વીર : ગૌરવ લશ્કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નરેન્દ્ર મોદીએ પોતાના ભાષણમાં કહેલી વાત દેશમાં ઉદ્યોગ,હસ્તકલા,ગૌ આધારિત વસ્તુઓની પ્રદર્શની તો યોજાય જ છે. પરંતુ બ્રાઝીલ દેશમાં સતત ૯૯ વર્ષથી યોજાતી ગૌ વંશ સંવર્ધન પ્રદર્શનીમાંથી પ્રેરણા લઇ ભારતમાં સૌપ્રથમ રાજકોટના આંગણે આવુ અનોખુ પ્રદર્શન યોજવાનુ બીડુ આઈ.એફ.આઈ.ઝેડ.સી.આઈ. દ્વારા આઈ.સી.એસ.ની ટીમે ઝડપ્યુ છે. આ કેટલ શો આગામી તા.૨૦થી ૨૨ ફેબ્રુઆરી દરમ્યાન શહેરના રેસકોર્સ મેદાન ખાતે યોજાશે.

Indian cattle show જે ભારતીય ગૌ વંશ નું પ્રદર્શન આયોજન કરે છે. જેમાં ગુજરાત ની ધરોહર સમાન દેશી ગૌ વંશ ની ગુણવત્તા પારંપરિક સંવર્ધન કરીને એમના મૂળ સ્વરૂપે પ્રસ્થાપિત કરીને આદર્શ પશુપાલન ને પ્રેરણા આપતો શો કહી શકાય.

IFIZCI આઈ એફ આઈ ઝેડ સી આઈ સંસ્થા જે આંતરરાષ્ટ્રીય ફેડરેશન છે જે આપણા ભારત દેશ ની દેશી પ્રજાતિ ની ખુંધવાળી ગૌ વંશ નું પ્રતિનિધિત્વ કરે છે. આપના ભારત દેશ માં ૮૦ થી વધારે દેશી ગૌ વંશ ની ઉપસ્થિતિ છે. જેની માવજત કરી ખેડૂતો અને પશુપાલકો ને માર્ગદર્શન આપી ઉત્તરોત્તર સંવર્ધન કરી ને એમનું પાલન યોગ્ય દિશામાં થઇ આવે અમારો ઉદેશ્ય છે. સાથે સાથે આપના દેશ ની ગૌ વંશ ને વિશ્વ ફલક સાથે જોડવા નો શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવે છે.

રાજકોટના આંગણે યોજાશે એશિયાની સૌથી મોટો ભારત નો સૌપ્રથમ ભારતીય ગૌ વંશ નો ગૌ સંવર્ધન પ્રદર્શન ઇન્ડિયન કેટલ શો યોજાવાનો છે જેના વિશે યોજાયેલી પત્રકાર પરિષદમાં માહિતી આપતા આયોજકોએ જણાવ્યું હતુ કે, આ સમગ્ર કાર્યક્રમ નો ઉદ્દેશ્ય માત્ર એટલો જ છે કે આપણી દેશી ગાય આપણી દેશી વંશની ગાયો વાછરડીઓ, નંદીઓ નુ સંવર્ધન દેશ અને દુનિયામા કેવી રીતે થાય છે.. એની પ્રત્યક્ષ માહીતી ખેડૂત અને પશુપાલકો ને પ્રેરણા મળે અને ગૌ આધારીત ખેતી થી આખા દેશનુ અર્થતંત્ર ને વેગ મળે લોકોને સ્વ રોજગારી અને સાત્વીક આહાર પ્રાપ્ત થાય એવા ક્રાંતિકારી વિચાર સાથે વિશાળ ફલક ઉપર આ ગૌ પ્રદર્શનનુ આયોજન થવ જઈ રહયું છે. જેમા દેશ અને વિદેશ દુનિયામાંથી અનેક સંવર્ધકો પશુપાલકો અને ખેડૂત ભાગ લેવાના છે... જેમાં આપણા ભારતના રાષ્ટ્રિય ધરોહર સમાન દેશી ગૌ વંશનું પ્રદર્શન અને હરીફાઈ નું આયોજન થવાનું છે. જેમાં ગુજરાતમાંથી ૮૦૦૦ થી વધારે ગૌવંશનું રજીસ્ટ્રેશન થયેલું છે. જેમાંથી ૨૦૦ જેટલા ગૌવંશ ની પસંદગી કરાઈ છે.

આ ભવ્ય શોનું ઉદ્દઘાટન તા.૨૦ના રેસકોર્સ ખાતે ૯: ૩૦ વાગ્યે થશે આ કાર્યક્રમના અધ્યક્ષ રાજ્યપાલ આચાર્યદેવવ્રતજી તેમજ મુખ્ય અતિથી શંકરભાઈ ચૌધરી (અધ્યક્ષ - ગુજરાત વિધાનસભા), હર્ષભાઈ સંઘવી (માનનીય નાયબમુખ્યમંત્રી, ગૃહમંત્રી ગુજરાત), પરષોતમભાઈ રૂપાલા (સાંસદ રાજકોટ) જીતુભાઈ વાઘાણી (કૃષિ,પશુપાલન મંત્રી ગુજરાત), નયનાબેન પેઢડીયા (પ્રથમ નાગરિક મેયર,રાજકોટ) તથા સાધુ-સંતો પણ આ કેટલ શોમાં ઉપસ્થિત રહી આશિર્વચન પાઠવશે.

આજની પત્રકાર પરિષદમાં જયેશભાઇ સંઘાણી, કિશોરભાઈ ઓડેદરા, હર્ષીતભાઇ કાવર, અંકુરભાઈ સુતરીયા, દેવાભાઈ ટોયટા, વીરભાઈ ખારા, કુણાલભાઈ સોલંકી, અજયભાઈ અમિન, કેયુરભાઈ કાનગડ, ભરતભાઈ પટેલ, અરજણભાઈ ઓડેદરા, વિજયભાઈ ડેર, દિલીપભાઈ તંત્તી, દેવરાજ સિંહ પરમાર, પાર્થભાઇ વાળા, મનહરભાઈ સાદરીયા ઉપસ્થિત રહ્યા હતા.

# પતિ સહીતના સાસરિયાઓએ દબાણ કરી પરિણીતા પાસે ગર્ભપાત કરાવ્યો

### એરપોર્ટ રોડ ઉપર જસાણી પાર્કમાં બનેલો બનાવઃ ગાંધીગ્રામ પોલીસમાં પતિ, સાસુ, સસરા અને નણંદ સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

એરપોર્ટ રોડ પર જસાણી પાર્કમાં રહેતી ગર્ભવતી પરિણીતાને ટોર્ચર કરી ગર્ભપાત કરાવી નાખવાની ફરીયાદમાં ગાંધીગામ પોલીસે પતિ, સાસુ-સસરા અને નણંદ સામે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. આ બનાવ અંગે એરપોર્ટ રોડ પર જસાણી પાર્કમાં રહેતા માનસીબેન ધારવભાઈ મજેઠીયાએ તેના પતિ ધારવ શશીકાંત મજેઠીયા, સસરા શશીકાંત મજેઠીયા, સાસુ નયનાબેન મજેઠીયા અને નણંદ માનસીબેન મજેઠીયા વિરુદ્ધ માનસિક અને શારીરિક ત્રાસ આપી ગર્ભ પાત કરાવી નાંખયાની ફરીયાદ નોંધાવી હતી. ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તેમના લગ્ન છ એક મહિના પહેલા ધારવ મજેઠીયા સાથે થયેલ હતા. થોડા દિવસો લગ્ન ગાળો સારી રીતે ચાલ્યા બાદ પતિ ધારવ મજેઠીયા શારીરિક અને માનસિક ત્રાસ આપવા લાગ્યો હતો. તેમજ સાસુ નયનાબેન, સસરા શશીકાંતભાઈ અને નણંદ માનસીબેન પણ ઘરકામને લઇ મેણાં મારી ત્રાસ આપવા લાગ્યા હતા. જે દરમિયાન પરિણીતા ગર્ભવતી થઈ હતી. જે તેના પતિ ધારવને ગમ્યું ન હતું. દરમિયાન પરિણીતાને તેના પતિએ તેના ગર્ભમાં રહેલ બાળક કઢાવી નાંખવાનું કહેત પરિણીતાને પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. જે બાદ સાસરીયાઓએ ધમકી આપી ગર્ભપાત કરાવવા દબાણ કરતાં અંતે લગ્ન સંસાર ટકાવવા પરિણીતા ગર્ભપાત કરાવવા મજબુર થઈ હતી. જો કે, આ વેદના સહન ન થતા તેને પરીવારને વાત કરી પોલીસ પાસે પહોંચી હતી. બનાવને પગલે ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી. આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

# વડીયા પંથકમાં નકલી દૂધનું ટેન્કર ઝડપાયુંઃ ભેળસેળ કૌભાંડનો પર્દાફાશ

### શંકાસ્પદ ટેન્કરનો પીછો કરી રોકતા 'આપ'ના નેતા યુવરાજસિંહની ગાડીમાં તોડફોડ કરી

**મુખ્ય સમાચાર, અમરેલી**

અમરેલી જિલ્લાના વડીયા તાલુકાના હનુમાન ખીજડીયા ગામે આમ આદમી પાર્ટીના નેતા યુવરાજસિહ જાડેજાએ નકલી દૂધનું ટેન્કર પકડી પાડયું હતું. શંકાસ્પદ નકલી દૂધના ટેન્કરનો યુવરાજસિહ જાડેજાએ પીછો કરી ટેન્કરને રોકતા યુવરાજસિહની ગાડીમાં શખ્સો દ્વારા તોડફોડ કરવામાં આવી હતી. તેમજ



ગાડીના ડ્રાઈવર અને યુવરાજસિહના મિત્રને માર માર્યો હતો. યુવરાજસિહ જાડેજાએ નકલી દૂધનું ટેન્કર પકડી પાડી ભેળસેળ કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. નકલી દૂધનું ટેન્કરને અટકાવી પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવ્યું હતું. ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા દૂધનું સેમ્પલ લઈ કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી છે.

આ બાબતે આપ નેતા યુવરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં નકલી દૂધનો વેપાર મોટા પાયે ચાલી રહ્યો હોવાની શંકા છે અને છેલ્લા ત્રણ મહિનાથી તેઓ આ મુદ્દે સતત તપાસ કરી રહ્યા હતા. વડીયાના હનુમાન ખીજડીયા ગામમાંથી રોજ બે જેટલા દૂધના ટેન્કર નીકળી ગાંધીનગર અને અરવલ્લી વિસ્તાર તરફ જતા હોવાની માહિતી મને મળી હતી. દૂધ સાચું છે કે નકલી તે જાણી લેવા માટે અમે સતત આ ટેન્કરોનો પીછો કરતા હતા હનુમાન ખીજડીયા ગામ તરફ જતા સમયે તેમના પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતુ. યુવરાજસિહ જાડેજા જણાવેલ કે ખીરસરા ગામ નજીક બે ગાડીઓએ તેમની ગાડી ઘેરી અને અંદાજે ૧૦ થી ૧૫ લોકો દ્વારા મારપીટ કરવામાં આવી હતી અને મારી સાથે રહેલા અન્ય લોકોને પણ માર મારવામાં આવ્યો હતો. તેમની પાસે ટ્રેકિંગ સહિતના કેટલાક પુરાવા ઉપલબ્ધ હોવાનો પણ તેમણે દાવો કર્યો છે. આ દૂધમાં યુરિયા, પામ તેલ અને અન્ય રસાયણો મળ્યાની શંકા વ્યક્ત કરી હતી. તેમણે માંગ કરી કે ટેન્કરને તાત્કાલિક સીલ કરવામાં આવે અને સમગ્ર મામલે તટસ્થ તપાસ કરી કડક કાર્યવાહી કરવામાં આવે તેવી યુવરાજસિહ જાડેજાએ માંગ કરી હતી.

# પૂર્વ કચ્છ પોલીસે ૧૮૨ કરોડના ઓનલાઇન ઠગાઈ કૌભાંડમાં ૪ને ઝડપ્યા

## બોગસ દસ્તાવેજો સાથે ૮૧ બેંક ખાતા ખોલાવ્યાઃ એચડીએફસી, એક્સિસ, સાઉથ ઈન્ડિયન, યસ બેંક, જના બેંકમાં વાંકાનેર, આડેસર, રાપર, ભુજના વ્યક્તિઓના નામે કરંટ એકાઉન્ટ ખુલ્યા



**મુખ્ય સમાચાર, ભુજ**

દેશમાં ઓન લાઈન સાયબર ફ્રોડ દ્વારા આમ નાગરિકોને નિશાન બનાવી તેમની મહેનતની કમાઈ મિનિટોમાં સાફ કરી નાખનાર સાયબર માફિયાઓ અને તેમની સાથે બેંક ખાતા ભાડે આપનારાઓ, જ્યાં બેંક કર્મચારીઓ સંકળાયેલા હોય ત્યાં તેમની લિન્કને તોડવા સરકારે હવે કડક કાયદા બનાવવા પડશે. પૂર્વ કચ્છ સાયબર પોલીસે ૧૮૨ કરોડ રૂપિયાના ઓન લાઈન સાયબર ફ્રોડના ગુનામાં ૪ આરોપીઓની ધરપકડ કરી તેમના ૧૨ દિવસના રિમાન્ડ મેળવ્યા છે. જ્યારે ૩ આરોપી ફરાર છે. ૧ સાબરકાંઠાની જેલમાં છે. પોલીસે ધરપકડ કરેલ આરોપીઓ યશ મુલચંદ ભાટિયા, સિદ્ધાર્થ સુનિલ સોની, સાહિલ દિનેશ શર્મા, અલ્પેશ સુરેશ લુહાર ચારેય આદિપુર ગાંધીધામના છે. જ્યારે ત્રણ આરોપીઓ જે પૈકી અલ્પેશ લુહાર ટેક્સ કન્સલ્ટન્ટ છે. ફરાર ૩ આરોપીઓમાં વિજય રાણા (આદિપુર), વિશ્વરાજસિંહ ઉર્ફે શિવુભા બાલુભા જાડેજા (મોટી રવ, રાપર), ઈલુભા મંગુભા જાડેજા (રાપર) છે. જ્યારે ૮ મો આરોપી હાર્દિક હરેશ રાજગોર (સણવા, રાપર) આવા જ ગુનામાં સાબરકાંઠાની જેલમાં છે. પોલીસ તપાસમાં ખૂલેલી વિગતો અનુસાર આરોપીઓએ વાંકાનેર, આડેસર, રાપર અને ભુજના વ્યક્તિઓના આધારકાર્ડ, પાનકાર્ડ મેળવીને તેમને લાલચમાં લઈ આદિપુર, ગાંધીધામમાં દુકાનો ભાડે રાખી તેમના નામે ટેક્સ કન્સલટન્ટ મારફત ઉદ્યમ રજિસ્ટ્રેશન મેળવી કરંટ બેંક ખાતાઓ એચડીએફસી, સાઉથ ઈન્ડિયન, એક્સિસ, જના બેંકમાં ખાતા ખોલાવી, નવા મોબાઈલ સીમ કાર્ડ નંબર આપી ચેકબુક અને બેંક કીટ મેળવ્યા હતા. આરોપીઓએ સાથે મળી બોગસ રજીસ્ટ્રેશન સાથેના આ બેંક એકાઉન્ટોનો ઉપયોગ ઓન લાઈન સાયબર ફ્રોડની રકમ મેળવવામાં કર્યો હતો. સમન્વય પોર્ટલમાં પણ આ બેંક એકાઉન્ટો સામે ફરિયાદ નોધાઈ છે. જેમાં પમિ બંગાળ, ઉત્તરાખંડ, દિલ્હી, મુંબઈ, રાજસ્થાન, તમિલનાડુ, હરિયાણા, ઉત્તરપ્રદેશ, બિહાર, પંજાબ, તેલંગાણા, કર્ણાટક રાજ્યમાંથી સાયબર ફ્રોડની ફરિયાદ નોધાઈ છે. પોલીસે હવે આરોપીઓની સાંઠગાંઠ નેશનલ કે ઈન્ટરનેશનલ સાયબર માફિયાઓ સાથે છે કે કેમ? એ અંગે તપાસ શરૂ કરી છે. હાલ ગુજરાતમાં પણ બેંક ખાતા ભાડે આપવાનો ગોરખધંધો ખૂબ ફુલ્યો ફાલ્યો છે ત્યારે આવા બેંક એકાઉન્ટ ભાડે આપનાર પણ કાયદાકીય કાર્યવાહીનો હિસ્સો બને છે. થોડી લાલચ માટે બેંક એકાઉન્ટ ભાડે આપવાનું ભારે પડે છે એટલે આવી પ્રવૃત્તિથી દૂર રહેવામાં જ સલામતી છે.

# રેલનગરના યુવકનું કારની ઠોકરે ચડી જતાં મોત

### બેડી ચોકડીથી માધાપર ચોકડી વચ્ચે અતિથી દેવો ભવ હોટેલ નજીક રસ્તો ઓળંગતી વખતે બનાવ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

બેડી ચોકડીથી માધાપર ચોકડી તરફના રસ્તે અતિથી દેવો ભવ-એડીબી હોટેલ નજીક રસ્તો ઓળંગતી વખતે એક યુવાન કારની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થતાં મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. રેલનગરમાં રહેતાં વૃધ્ધ માતા-પિતાનો એકનો એક આધારસ્તંભ દિકરો નોકરી માટે ઇન્ટરવ્યુ આપવા જવા નીકળ્યો ત્યારે કાળનો કોળીયો બની ગયો હતો.

જાણવા મળ્યા મુજબ રેલનગર શ્રીનાથજી સ્કૂલ સામે શ્રીનાથજી સોસાયટી શેરી નં. ૨માં રહેતો નિશાંતભાઇ રાજેન્દ્રભાઇ પંડયા (ઉ.વ.૩૮) નામનો યુવાન સાંજે સાડા ચારેક વાગ્યે બેડી ચોકડી મોરબી બાયપાસ પર એડીબી હોટેલ નજીક રસ્તો ઓળંગી રહ્યો હતો ત્યારે કારની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થઇ હતી. બનાવને પગલે લોકો એકઠા થઇ જતાં ૧૦૮ બોલાવી યુવાનને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો. પરંતુ અહિ તેનું મોત થયું હતું.

બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના પીએસઆઇ પી. બી. પટેલ સહિતે હોસ્પિટલે પહોંચી તપાસ શરૂ કરી હતી. મૃત્યુ પામનાર યુવાન રેલનગર શ્રીનાથજી સોસાયટી-૨માં રહેતો નિશાંતભાઇ પંડયા હોવાની માહિતી મળતાં પોલીસે તેના પરિવારજનોને જાણ કરી હતી.

પોલીસે શૈલેષભાઇ પંડયાની ફરિયાદ પરથી કાર નં. જીજે૩૬અએલ-૧૯૮૦ના ચાલક રાજેશ અમૃતલાલ ઇન્દ્રાણા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. મૃત્યુ પામનાર નિશાંતભાઇ વૃધ્ધ માતા પિતાના એકના એક દિકરા અને એક બહેનથી નાના તથા અપરિણીત હતાં. તે અગાઉ મેટોડામાં નોકરી કરતાં હતાં. હાલ એ નોકરી છોડી દીધી હતી અને ગઇકાલે બપોર બાદ મોરબી રોડ પર બીજી નોકરીનું ઇન્ટરવ્યુ આપવા જવાનું છે તેમ કહીને ઘરેથી નીકળ્યા બાદ એડીબી હોટલ નજીક રસ્તો ઓળંગતી વખતે કારની ઠોકરે ચડી જતાં મોત થયું હતું. આધારસ્તંભ દિકરાના મૃત્યુથી વૃધ્ધ માતા-પિતા સહિતના પરિવારજનો શોકમાં ગરક થઇ ગયા છે.

# મૃગી કુંડમાં સ્નાન કરીને વિવાદ સર્જનાર કીર્તિ પટેલ સામે ફરજ રૂકાવટની ફરિયાદ

### મંદિરની બહાર શાંતિ ડહોળવાનો પ્રયાસ કરી સુલેહ શાંતિ ભંગ કરી

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

યુ-ટ્યુબર કીર્તિ પટેલ સામે જૂનાગઢમાં ભવનાથ પોલીસ મથકમાં એક મહિલા પોલીસ અધિકારીએ ફરજ રુકાવટ અને ગર્ભિત ધમકી દીધાનો ફરિયાદ દાખલ કરવામાં આવતા ચકચાર મચી જવા પામી છે, મહાશિવર-ાત્રીની રાતે મૃગીકુંડમાં સાધ્વીના વેશમાં સ્નાન કરીને વિવાદ સર્જી ચર્ચામાં રહેલી કીર્તિ સામે પોલીસે કાર્યવાહી કરીને અટકાયત કરવાની તજવીજ હાથ ધરી છે.

ગીરી તળેટીમાં તા.૧૫ ફેબ્રુઆરીને શિવરાત્રીએ સાધુ-સંતોની રવેડી પૂર્ણ થયા બાદ ભવનાથ મંદિરમાં રાતે ૧૨ કલાકે મૃગીકુંડમાં કીર્તિ પટેલ દ્વારા સાધ્વીના વેશમાં ઘૂસીને સ્નાન કરતા તેનો સંતોએ વિરોધ કરતા તેને તંત્ર દ્વારા પોલીસ મારફ્ત બહાર કાઢવામાં આવી હતી, તે સમયે કીર્તિએ ફરજ પરના મહિલા પોલીસ અધિકારી કે.જે.મોડ સાથે તોછડાઈભર્યું અને ઉધ્ધતાઈભર્યું વર્તન કર્યું હતું, જેને લઈને ગતરાતે કીર્તિ સામે પોલીસ અધિકારીએ ભવનાથ પોલીસમાં ફરિયાદ નોધાવી છે.

જે ફરિયાદમાં જણાવ્યું છે કે, જૂનાગઢ રેંજના ફરીયાદી પોલીસ ઈન્સ્પેક્ટર કે.જે.મોડ તા.૧૫ ના રોજ સર્કીટ હાઉસ ખાતે મુખ્યમંત્રીના બંદોબસ્તમાં હતા, અને રાતે ૧૨ કલાકે મેળામાં બંદોબસ્તમાં રીઝર્વમાં પહોંચીને સંતોની રવેડી સમયે પોલીસ અધિકારી એ.પી.ચૌધરી અને અન્ય સ્ટાફ સાથે ભવનાથ મંદિરના પરિસરમાં હતા, તે સમયે મૃગીકુંડમાં યુ-ટ્યુબર કીર્તિ પટેલ સાધ્વીના વેશમાં ઘૂસીને સ્નાન કરતા જોઈને તેની આસપાસના સાધુ-સંતોએ આપતી દર્શાવતામાં આવેલ હોય અને જેથી કાયદો વ્યવસ્થાના ભાગરૂપે સંતો સાથેનો વિવાદ વણશે નહી તે માટે કીર્તિને બહાર કાઢી હતી અને મંદિરની બહાર નીકળીને કીર્તિએ ઉશ્કેરાઈ જઈને ફરજ પરના પોલીસ અધિકારી કે.જે.મોડ સાથે ઉધ્ધતાઈભર્યું વર્તન કર્યું અને તોછડી ભાષામાં વાત કરીને બુમો બરાડા પાડીને આવાને તો હું મારી નાખું તેમ કહીને મારી નાખવાની ધમકી આપી વાતાવરણ ડહોળવાનો પ્રયાસ કરીને સુલેહ શાંતિ ભંગ કરીને ફરજમાં રુકાવટ કરતા તેની સામે બીએનએસ ૨૦૨૩ ની કલમ ૨૨૧, ૩૫૧(૩) ૩૫૨ અન્વયે ભવનાથ પોલીસમાં ગુનો નોધાવવામાં આવ્યો છે, અને પોલીસ દ્વારા આરોપી કીર્તિની અટકાયત માટે ચક્રોગતિમાન કર્યા છે.

# રાજકોટ મનપાનું ચાલુ ટર્મનું અંતિમ બોર્ડ વિપક્ષના હોબાળા વચ્ચે સમાપ્ત





તસવીર : ગૌરવ લશ્કરી

## મહાનગરપાલિકાનું નવા વર્ષનું ૩૬૦૪ કરોડનું બજેટ સર્વાનુ મતે મંજૂર કરાયું : શાસક પક્ષના હોદ્દેદારોએ પોતે કરેલા કામોની યાદી રજૂ કરી પોતાની જ વાહવાહ કરીઃ વિપક્ષી સદસ્ય વશરામભાઇ સાગઠીયાને અંદાજ પત્ર પર બોલવા ન દેતા મચાવ્યો હોબાળો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે રાજકોટ મહાનગરપાલિકાનું વિશેષ જનરલ બોર્ડ નવા વર્ષના બજેટની મંજૂરી માટે મેયર નયનાબેન પેઢડીયાની અધ્યક્ષતામાં મળ્યું હતું. આ વિશેષ બોર્ડના પ્રારંભમાં વંદે માતરમનું ગાન થયું હતું. બાદમાં સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકરે વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્ર અંગે સમગ્ર અહેવાલ સામાન્ય સભા સમક્ષ પ્રસુત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, મહાનગરપાલિકાની સ્થાપનાના ૫૨ વર્ષમાંથી ૪૭ વર્ષ ભાજપના કાર્યકર્તાઓને રાજકોટવાસીઓની સેવા કરવાનો મોકો મળ્યો છે. તે માટે શહેરીજનો સાથે ભાજપ અને વિપક્ષના સભ્યોનો આભાર. આજે મળેલી સામાન્ય સભામાં અંદાજપત્ર અંગેની સંપૂર્ણ ચર્ચા બાદ વિપક્ષના નેતા વશરામ સાગઠીયાને અંદાજપત્ર પર પોતાની પ્રતિક્રિયા રજૂ કરવા નહીં દેતા તેઓએ હોબાળો મચાવી ભાજપ પક્ષાપક્ષીનું રાજકારણ રમી રહ્યા હોવાનું આક્ષેપ કર્યો હતો.

બોર્ડની અંતિમ ૧૫ મીનીટમાં ભાજપના કોર્પોરેટર બજેટ પર પોતાની પ્રતિક્રિયા રજૂ કરી રહ્યા હતા તે સમયે જ કોંગ્રેસના વશરામ સાગઠીયાએ પહેલા પોતાને બોલવા દેવા આગ્રહ કર્યો હતો. પરંતુ મેયરે તેમને બેસી જવા જણાવતા તેઓ વિફર્યા હતા અને ભાજપને આડેહાથ લઇ મનમાની કરી રહ્યા છે તેવો આક્ષેપ કર્યો હતો. તેઓએ છેલ્લા બે વર્ષમાં ભાજપે કયાં કામો અભેરાઇએ ચડાવી દીધા છે તેની યાદી રજૂ કરી આગામી બજેટમાં આભાષી ગણાવ્યું હતું. તો બીજી તરફ સ્ટે. કમિટી ચેરમેન જયમીન ઠાકરે એવું જણાવ્યું હતું કે, ભાજપ હમેશાં તંદુરસ્ત લોકશાહીને માને છે અને તેથી જ વિપક્ષને પણ પુરતો બોલવા દેવાનો મોકો આપી તેમના વિસ્તારમાં પણ પુરતા વિકાસ કામો કરે છે.

આજે શેર સાયરીના અંદાજમાં જયમીન ઠાકરે જનરલ બોર્ડ સમક્ષ ૩૬૦૪ કરોડનું નવા વર્ષનું બજેટ મુકયું હતું. જેમાં નગરપ્રાથમીક શિક્ષણ સમીતીની કાર્યાલય ખાતે નવુ સેન્ટ્રલ ઝોન બનાવવામાં આવશે તેવી જાહેરાત કરી હતી. વધુમાં રેસકોર્ષમાં નવું દિવ્યાંગ પાર્ક બનાવવાની જાહેરાત કરી હતી. આ સીવાય અન્ય યોજનાઓ જે આકાર લેવાની છે તેના વિશે પણ વિસ્તૃત માહિતી આપી હતી. આજની સામાન્ય સભામાં મ્યુ. કમિશનર તુષાર સુમેરાની ગેરહાજરીમાં સામાન્ય સભાની સંકલનની જવાબદારી ડે. મ્યુ. કમિશનર મહેશ જાનીએ સંભાળી હતી. આજની સામાન્ય સભામાં કુલ ૧૧ અન્ય દરખાસ્તો પ્રસ્તૃત કરાઇ હતી જેને પણ લીલીઝંડી અપાઇ હતી.

# રાજપરા ગામમાં દવાખાનું ચલાવતો બોગસ ડોકટર ઝડપાયો

### રૂરલ એસઓજીનો દરોડોઃ મેડિકલ દવાઓ જપ્ત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોટડાસાંગાણીના રાજપરા ગામમાં વકીલાતનો અભ્યાસ કરેલ શખ્સને બોગસ ડોકટર બની દવાખાનું ચલાવતાં રૂરલ એસઓજીની ટીમે પકડી પાડી કાર્યવાહી કરી હતી.ભાવેશ કોઠીયાએ ગોંડલની ખાનગી હોસ્પિટલમાં કમ્પાઉન્ડરનો અનુભવ મેળવી ચાર વર્ષથી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતો હતો.

દરોડાની વિગત મુજબ, રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા ગ્રામ્ય જીલ્લામાં ગેરકાયદેસર રીતે મેડીકલને લગતી ડીગ્રી વગર ડોકટરની પ્રેકટીશ કરતા બોગસ ડોકટર ઉપર કાયદેસરની કાર્યવાહી કરવાની આપેલ સુચનાથી રૂરલ એસઓજી પીઆઈ એફ.એ.પારગીની રાહબરીમાં ટીમ કોટડાસાંગાણી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.

તે દરમ્યાન હેડ કોન્સ્ટેબલ નૈમીષભાઇ મહેતા , કોન્સ્ટેબલ વિપુલભાઇ ગોહિલ અને રણજીતભાઇ ધાધલને કોટડાસાંગાણીના રાજપરા ગામે એક શખ્સ મેડિકલ ડીગ્રી વગર લોકોના આરોગ્ય સાથે ચેડા કરતો હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમે દરોડો પાડી ભાવેશ રમેશ કોઠીયા (રહે.રાજપરા ગામ કોટડાસાંગાણી) ને પકડી પાડી તેની પાસેથી ક્લિનિકમાં રાખેલ અલગ અલગ પ્રકારની એલોપેથીક દવાઓનો મળી કુલ રૂ।૨,૮૬૫ નો મુદ્દામાલ કબ્જે કરી કોટડાસાંગાણી પોલીસ મથકમાં ગુનો દાખલ કરેલ હતો.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પકડાયેલા આરોપી છેલ્લા ચાર વર્ષથી મહાદેવ ક્લિનિક નામે દવાખાનુ ચલાવી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતો હતો. તેમણે બી.કોમ. એલએલબીનો અભ્યાસ કરેલ છે, જે બાદ તેને ગોંડલમાં આવેલ એક ખાનગી હોસ્પિટલમાં કમ્પાઉન્ડર તરીકે નોકરી કરી અને અનુભવ મેળવ્યા બાદ આ દવાખાનું શરૂ કર્યું હતું.

# દંપતીના ઝઘડામાં વચ્ચે કૂદેલા શખ્સે સમાધાન તો ન કરાવ્યું પણ ઝઘડા કર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રૈયા રોડ, વીમાનગર શેરી નં.૨માં રહેતા આબેદાબેન હારુનભાઈ અલાણા(ઉં.વ.૫૫) દ્વારા ગાંધીગ્રામ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે અનવર અબ્દુલકાદર દારૂવાલા, તેમનો પુત્ર વાજીદ અને પુત્રી જીલેખાના નામ આપ્યા હતા.

આબેદાબેને જણાવ્યું છે કે, વર્ષ ૨૦૨૦માં તેણીના નાનાભાઈ અફઝલના લગ્ન શહેનાઝ સાથે થયા હતા. જે બાદમાં બંને વચ્ચે માથાકૂટ થતા શહેનાઝ રિસામણે જતી રહી હતી. શહેનાઝે જમાતના લોકોને એકઠા કરી અફઝલના ઘરે રાખેલો તેનો સામાન લઈ જવા માટે વાત કરી હતી. જે બાદ શહેનાઝના પરિવારે ઘરે આવીને માથાકૂટ કરી હતી. જે બાબતે અનવરભાઈ દારૂવાલાએ સમાધાન કરી આપવાનું જણાવ્યું હતું. બાદમાં સમાધાનના બદલે અનવરભાઈએ સામેવાળા સાથે ઝઘડો શરૂ કર્યો હતો. થોડા સમય બાદ આ મામલે તેઓને ઘરમેળે જ સમાધાન થઈ ગયું હતું.

અનવરભાઈએ વર્ષ ૨૦૧૭થી તેને જ્ઞાતિના આગેવાનો સાથે ઝઘડો થતો હોવાનું જણાવ્યું હતું. જે બાબતે સામેવાળાએ અનવરભાઈ વિરુદ્ધ ફરિયાદ કરી હતી. ફરિયાદ થયા બાદ તેઓના કોર્ટ કેસના ખર્ચા ગણાવીને આ અનવરભાઈ તેણીના ભાઈ પાસેથી અવારનવાર પૈસાની માગણી કરી હતી. આરોપીએ રૂ.૨૦ લાખની માગણી કરતા તેના ભાઈએ કેસ પેટે ૨.૧૧ લાખ આપ્યા હતા. તેમ છતાં ઝઘડાઓ કરી ધમકી મારતા એ-ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. એ-ડિવિઝનમાં અગાઉ કરેલા કેસમાં ૫૦ હજારની માગણી કરતા જાનથી મારી નાખવાની ધમકી આપતા ત્રણેય વિરુદ્ધ ગુનો નોંધાયો છે.

# ધોરાજીના પીપળીયા ગામે યુવાન પર દંપતી સહિત ચાર શખ્સોનો હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ધોરાજીના પીપળીયા ગામે યુવાન પર દંપતી સહિત ચાર શખ્સોએ લાકડી અને ઢીકાપાટુનો મારમારતા યુવાનને સારવાર માટે જુનાગઢ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. યુવાનને ફોન પર ગાળો અને ધમકી આપતા તે ઘરે સમજાવવા જતા તેના પર હુમલો કરવામાં આવ્યો હતો. આરોપીએ લાકડીનો ઘા મારી યુવાનની ગાડીનો કાચ પણ ફોડી નાખ્યો હતો.

બનાવ અંગે ધોરાજી પીપળીયા ગામે પાણીના ટાંકા પાસે રહેતા અરવિંદ ભિખાભાઇ બાંભણીયા(ઉ.વ.૪૨) નામના યુવાને ધોરાજી તાલુકા પોલીસ મથકના નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે હાર્દિક ચંદુભાઇ મેર, વર્ષાબેન હાર્દિકભાઇ મેર, જયેશ ભોળાભાઇ મકવાણા અને આકાશ મનિષભાઇ મેર(રહે. બધા પીપળીયા તા. ધોરાજી) ના નામ આપી જણાવ્યું હતું કે,તા.૧૬/૨ ના આસપાસ તે ધોરાજી હતો ત્યારે તેના ફોનમાં હાર્દિક મેરનો ફોન આવ્યો હતો અને તેણે ગાળો આપી યુવાનની પુત્રી વિશે એલફેલ બોલાવા લાગ્યો હતો. યુવાનને કહ્યું હતું કે, તું પીપળીયા આવ તને મારવો છે જેથી યુવાને કહ્યું હતું કે હું ધોરાજીથી નીકળુ છુ તેમ કહી યુવાને ફોન કાપી નાખ્યો હતો. બાદમાં તેણે મિત્ર મુકેશ(રહે. મોટી મારડ) નો ટેમ્પો લઇ પીપળીયા ગામે પહોંચ્યો હતો. હાર્દિકના ઘર પાસે ગાડી ઉભી રાખી હાર્દિકને સમજાવવા માટે બહાર બોલાવતા હાર્દિક બહાર નીકળ્યો હતો. બાદમાં યુવાને ટેમ્પો લઇ જવા માટે નીકળતા હાર્દિક લાકડી લઇને આવ્યો હતો અને યુવાનને ટેમ્પોના આગળના કાચમાં લાકડી મારી દેતા કાચ તુટી ગયો હતો. બાદમાં ટેમ્પોનો દરવાજો ખોલી યુવાનને લાકડી વડે મારમાર્યો હતો.

પાછળથી મનીષભાઇ મેર, જયેશભાઇ મકવાણા આવી ગયા હતા અને તેણે યુવાનને ટેમ્પોમાંથી બહાર કાઢી નીચે પછાડી દઇ બાદમાં હાર્દિક અને તેની પત્ની લાકડી વડે મારમારવા લાગ્યા હતા. આકાશ અને જયે ઢીકાપાટુનો મારમાર્યો હતો. આ બધા કહેતા હતા કે આજે આને જાનથી મારી નાખવો છે.બુમાબુમ થતા યુવાનના પત્ની જયોત્સનાબેન અને નાનો ભાઇ રમેશ આવી ગયો હતો અને યુવાનને વધુ મારમાથી બચાવ્યો હતો. બમદાં યુવાનને સારવાર માટે જુનાગઢ હોસ્પિટલ લઇ ગયા હતા. યુવાનને મોઢાનાભાગે અને જડબાનાભાગે ઓપરેશન કરાવવાનું કહ્યું હતું. યુવાને ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, હાર્દિકે તેને ફોન કરી ગાળો આપી મારી નાખવાની ધમકી આપી હોય જેથી તે પીપળીયા તેના ઘરે તેને સમજાવવા જતા હાર્દિક તેની પત્ની વર્ષા અને આકાશ તથા જયેશે લાકડી અને ઢીકાપાટુનો મારમાર્યો હતો. આ અંગે યુવાનની ફરિયાદ પરથી ધોરાજી તાલુકા પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

## રાજકોટ વન વિભાગની ટીમ બેકાબુ

# ૨.૯૬ કરોડના એમ્બરગ્રીસના આરોપી પર ફોરેસ્ટ મહિલા અધિકારી સહિત ચાર કર્મીનો હુમલો

## મુંજકામાં ઓફિસે હાજરી પુરવા આવેલ પ્રૌઢનો મોબાઈલ જોયા બાદ અધિકારીઓનો પારો છટક્યો, ઓફિસમાં લઈ જઈ ચાર કર્મી વારા ફરતી લાકડી તથા પ્લાસ્ટીકના પાઈપથી તૂટી પડ્યા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ વન વિભાગની ટીમ બેકાબુ બની, ચાવંડ ગામના પ્રૌઢ પર અમાનુષી ત્રાસ આપ્યાનું સામે આવ્યું છે. ૨.૯૬ કરોડના એમ્બરગ્રીસના આરોપી પર ફોરેસ્ટ મહિલા અધિકારી સહિત ચાર કર્મીનો હિંચકારો હુમલો કરતાં કાનનો પડદો તૂટી ગયો, શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. જે મામલે યુની. પોલીસ મથકમાં ચાર વન કર્મી સામે ગુનો દાખલ થયો હતો.

બનાવ અંગે લાઠીના ચાવંડ ગામે બાબરા રોડ પર રહેતાં આરીફભાઈ કાળુભાઈ સૈયદ (ઉ.વ.૪૮) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રાજકોટ ફોરેસ્ટ વિભાગના કર્મી વિક્રમસિંહ પરમાર, હંસાબેન મોકરિયા, ડાંગરભાઈ અને ઝાલાભાઈનું નામ આપતાં યુની. પોલીસે બીએનએસ એકટ ૧૧૭(૨),૩૫૨ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ એ ટુ ઝે ડ વોશીંગ મશીન રીપેરીંગ તથા વેચવાનું કામ કરે છે. તેઓના વિરૂધ્ધમાં સામાજીક વનીકરણ રેંજ( ૭) રાજકોટમાં વન્ય પ્રાણી સંરક્ષણ અધીનીયમ ૧૯૭૨ સુધારા અધિનિયમ એકટ હેઠળ ગુન્હો દાખલ થયેલ હતો. તેઓનું કોર્ટમાં પ્રોડકશન કરવામાં આવેલ અને કોર્ટ જે તે સમયે જેલ હવાલે કરેલ હતો. તેના થોડા દીવસ બાદ કોર્ટે શરતી જામીન આપેલા હોય કે દર માસની પહેલી તથા પંદરમી તારીખે રેંજ ફોરેસ્ટ મુંજકા ગામની ઓફીસે છ માસ સુધી હાજરી પુરવા આવવુ તથા તપાસ અધીકારી જયારે બોલાવે ત્યારે તપાસમા સહકાર આપવો જે શરતો આપિન જામીન આપેલા હતાં. જેથી ગઈ તા.૦૧/૦૧/૨૦૨૬ ના રોજ તેઓ રેન્જ ફોરેસ્ટ ઓફીસ મુંજકા ગામ ખાતે સવારે દશેક વાગ્યે હાજરી પુરાવા ગયેલ હતો. બાદમાં તેઓની સાથે રાણાભાઈ પણ હાજરી પુરાવવા બાવેલા હોય અને ત્યા હાજરી પુરનાર સાહેબ હાજર ન હોવાથી રાણાભાઈએ વિક્રમસિંહ પરમાર તથા મોકરીયા મેડમને ફોન કરતા તેઓએ જણાવેલ કે, હમણા હાજરી પુરાવવા કોઈક આવશે.

થોડી વાર લાગશે તમો ત્યા બેસો, બાદમાં સાંજે છ એક વાગ્યાના અરસામા મુંજકા ગામ ફોરેસ્ટરની ઓફીસ ખાતે બેસેલા હતાં તે વખતે વિક્રમસિંહ પરમાર બહાર મળેલા અને તેઓએ મોબાઈલ તપાસી મોબાઈલ સંબધીત પુછપરછ કરેલ જેમાં ફરીયાદી કંઈ જાણતો ન હોય જેથી કોર્ટની શરત મુજબ તપાસ માટે અંદર ઓફીસમા સાતેક વાગ્યે બોલાવેલ હતો.

આ વિક્રમસિંહ, હંસાબેન મોકરીયા મેડમ, ડાંગરભાઈ તથા ઝાલાભાઈ બધા ત્યા હાજર હતા. આ ચારેય વ્યક્તિઓ વારા ફરતી લાકડીઓ તથા પ્લાસ્ટીકના પાઈપ વતી માર મારવા લાગેલ અને વિક્રમસિંહ પરમાર તથા ડાંગરભાઈએ બંને કાનના ભાગે વારા ફરતી લાફા મારેલ હતા ત્યારબાદ તે બહાર આવી ગયેલા હતા. બાદમાં ફરીથી રાત્રીના અગીયારેક વાગ્યે પુછપરછ માટે અંદર બોલાવેલા અને આ ચારેય વ્યક્તિઓ ગાળો આપીને ઢીકા પાટુનો માર મારવા લાગેલા હતા.

બાદમાં તા.૦૨/૦૧ ના રાત્રીના દોઢેક વાગ્યે હાજરી પુરી હતી. વિક્રમસિંહ કહેલ કે, હજી આવતી તારીખમા આનાથી ખરાબ હાલત કરી નાખીશ, તારે જ્યાં જવું હોય ત્યા જા, ત્યા હાજર એક વ્યકિત વાળાભાઈ હતા તેઓએ રેપીડો મંગાવીને આજીડેમ ચોકડી સુધી રેપીડો કરાવી આપેલી હતી. ત્યાથી ટેમ્પોમા ઘરે ચાવંડ ગામ ખાતે ગયેલો હતો.

બાદમાં સવારે ઉઠીને સાડા દશેક વાગ્યે બાબરા સિવીલ હોસ્પીટલ ખાતે સારવારમાં ગયેલા હતા. ત્યાંથી તેઓને અમરેલી સીવીલ ખાતે રીફર કરેલા હતા. ત્યાં તબીબે જણાવેલ કે, તમારા કાનનો પડદો ફાટી ગયેલો છે, શરીરે ચામ્ભા પડી ગયેલાનું જણાવેલ હતુ. ત્યા અમરેલી પોલીસ આવીને નિવેદન લઈ ગયેલી હતી. બાદમા રાજકોટ પોલીસ કમિશ્નરને લેખીત રજુઆત પણ આપેલ હતી.

# ફ્રીઝ લેવા બાબતે દંપતી વચ્ચે ઝઘડામાં પતિનો ઝેર પી આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

માંડાડુંગરના યુવકે ઝેર ગટગટાવી લીધા બાદ સારવારમાં દમ તોડી દેતા પરિવારમાં કલ્પાંત છવાયો છે. ફ્રીઝ લેવા બાબતે દંપતી વચ્ચે ઝઘડો થયો હતો. જે કારણે પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે.

બનાવની પ્રાપ્ત વિગત અનુસાર, આજી ડેમ ચોકડી માંડાડુંગર પાસે રહેતા નીતિન ઉર્ફે કલ્પેશભાઈ કેશુભાઈ ધોળકિયા (ઉં.વ.૨૮)એ ગત તા.૧૩ના રોજ માંડાડુંગરમાં ખાણ વિસ્તારમાં ઝેરી દવા પી લીધી હતી. પરિવારને જાણ થતા પ્રથમ મવડીની આસ્થા હોસ્પિટલ બાદ દોશી હોસ્પિટલમાં નીતિનને દાખલ કરાયો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. પરિવારે જણાવ્યું કે, નીતિન બે ભાઈમાં નાનો હતો. હજુ એક વર્ષ પહેલાં જ તેના લગ્ન થયા હતા. તે માંડાડુંગર વિસ્તારમાં ચામુંડા પાન નામે પાન-માવાની દુકાન ચલાવતો હતો. થોડા દિવસો પૂર્વે દંપતી માતા-પિતાથી અલગ થઈ આ જ વિસ્તારમાં ભાડે મકાન રાખીને રહેવા ગયા હતા. જેમાં જૂના ઘરે રહેલું જૂનું ફ્રીઝ આ મકાનને લઈ આવવા અથવા તો નવું ફ્રીઝ લેવું એ બાબતે બંને પતિ-પત્ની વચ્ચે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ ઝઘડો થયો હતો. જેથી ગૃહકંકાશથી કંટાળીને નીતિને આપઘાત કરી લીધાનું પરિવારનો અનુમાન છે. બનાવની જાણ થતા આજી ડેમ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ હેમંતભાઈ સહિતનો સ્ટાફ દોડી ગયો હતો.